જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૬-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

શ્રમયોગી માનધન યોજના લોન્ચ કરતા વડાપ્રધાનનું સંબોધન

વિપક્ષ મારી પર સ્ટ્રાઈક કરી રહ્યા છે અને હું આતંકીઓ પર : પીએમ

અન્નપૂર્ણા ધામમાં વિવિધ કાર્યોનું વડાપ્રધાનનનાં હસ્તે ખાતમુહૂર્ત, અન્નપૂર્ણાધામમાં પ્રસાદ તરીકે છોડ આપવામાં આવે

અમદાવાદ

વડાપ્રધાન મોદીએ પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાને અમદાવાદના વસ્ત્રાલ ખાતે લોન્ચ કરી છે. શ્રમયોગી માનધન યોજના લોન્ચ કરતા મોદીએ કહ્યું કે, 'હું આ દેશનો મજૂર નંબર વન છું. ' વસ્ત્રાલ ખાતે પણ આ યોજનાના લોન્ચિંગ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા છે. મોદી સ્ટેજ પર આવ્યા ત્યારે મોદીની જય જયકાર થવા લાગી હતી. મોદીએ સભાને સંબોધતા કહ્યું કે આ યોજનાનો લાભ સમગ્ર દેશના કામદારોને મળશે. આ કાર્યક્રમમાં અમદાવાદ સહિત રાજ્યભરના શ્રમયોગીઓ હાજર રહ્યા છે.

યોજના અંગેની જાણકારી આપતા મોદીએ જણાવ્યું કે, આ યોજનાનો લાભ લેવા માટે તમારે દર મહિને ૫૫ રૂપિયાથી ૨૦૦ રૂપિયા સુધીની મામુલી રકમ ચુકવવી પડશે. આ યોજનામાં તમે જેટલા રૂપિયાનું યોગદાન આપશો એટલા જ રૂપિયા સરકાર પણ તમારા ખાતામાં જમા કરશે. જે રકમમાંથી કામદારોને ભવિષ્યમાં પેન્શન આપવામાં આવશે. જેમની માસિક આવક ૧૫૦૦૦ કરતા ઓછી હશે તેવા તમામ શ્રમિકો આ યોજનાનો લાભ લઈ શકશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથે મંગળવારે અડાલજ ખાતે આવેલ શ્રી અન્નપૂર્ણા ધામ, વિશ્વના સૌપ્રથમ અદ્યતન પંચતત્વ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. અન્નપૂર્ણા માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં પાટીદારો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી સાથે મંચ પર મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, નરહરી અમિન તેમજ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સહિતના અન્ય નેતાઓ હાજર રહ્યા હતા.





તેમણે સંબોધનમાં કહ્યું કે, "મારી સમાજને પ્રાર્થના છે કે અન્નપૂર્ણા ધામમાં જે કોઇ આવે તેને પ્રસાદમાં છોડ આપવામાં આવે. જેથી જિંદગીભર આ માતાનો પ્રસાદ તેના આંગણા કે ખેતરમાં જોવા મળે. જેના ઘરમાં દીકરી પેદા થાય તે પોતાની દીકરીને દર્શન કરાવવા આ ધામમાં લાવે અને દીકરીને ઈમારતી લાકડાવાળા ૫ છોડ આપે . દીકરી જ્યારે ૨૦ વર્ષની થાય ત્યારે તે ઈમારતી લાકડાનાં વૃક્ષને બજારમાં વેચી શકાય અને આ લાકડાનાં જે પણ પૈસા આવે તે દીકરીનાં લગ્ન માટે આપવામાં આવે. જેથી મા-બાપે દેવું ના કરવું પડે. આજે હજારો કરોડનું ઈમારતી લાકડુ બહારથી લાવવું પડે છે. આપણી ધાર્મિક પરંપરાને આધુનિક રીતમાં જોડવા આ જગ્યા કામ કરી શકે છે."

પીએમ મોદીએ કહ્યું કે, "સમાજ જીવનમાં જેણે સૌથી વધુ અન્નદાતાનું કામ કર્યું, ખેતર ખેડીને કણમાંથી મણ કરીને જેણે સમાજજીવનની ચિંતા કરી. કાઠિયાવાડમાં ખેડૂતનો મતલબ એટલે કે લેઉવા પટેલ. આ વિશેષતાનાં ભાગરૂપે આજે વિધિવત રીતે દેવી અન્નપૂર્ણા માતાનું તીર્થક્ષેત્રનું લોકાર્પણ થયું છે. ગુજરાતમાં દર વીસ-પચ્ચીસ કિલોમીટરના અંતરે ઓટલા અને રોટલાની વ્યવસ્થા હોય છે. આવુ હિન્દુસ્તાનને ખૂણે ખૂણે છે. આ હાજરો વર્ષોની પરંપરા છે."

પીએમ મોદીએ આ દરમિયાન શિક્ષણ ભવન સાથે વિદ્યાર્થીઓની હૉસ્ટેલનું પણ ખાતમુહૂર્ક કર્યું હતુ. સમારંભની શરૂઆતમાં પીએમ મોદીએ મા અન્નપૂર્ણાની પૂજા-અર્ચના કરી હતી. પીએમ મોદીએ કેશુભાઇ પટેલનાં ચરણસ્પર્શ પણ કર્યા હતા. તો લેઉવા પટેલ સમાજનાં મોભીઓ દ્વારા વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતુ. પીએમ મોદીએ કહ્યું કે, "દનિયાનાં લોકો માટે આપણા ધર્મ-સંસ્કૃતિ સમજવી મુશ્કેલ. આપણા દેશમાં વિવિધ ધર્મ, સંસ્કૃતિ અને વિવિધતાઓ છે. આપણા દેશમાં જેવા ભક્ત છે તેવા ભગવાન છે." તેમણે કહ્યું કે, "રાજય રાજ્યનું કામ કરે પરંતુ શક્તિ સમાજની હોવી જોઈએ." સામાજિક મહાનુભાવો હાજર રહ્યા છે. તો વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના કે. સી. પટેલ પણ ઉપસ્થિત રહ્યા છે.

તેમણે કહ્યું કે, "તમારો ચોકીદાર સજાગ છે. વચેટિયાઓ અને ભ્રષ્ટાચારીઓ વચ્ચે લગામ લગાવીને રહેશે. ચોકીદારથી ડરેલા લોકો કહી રહ્યા છે કે મોદી હટાવો, કેમકે તેમનું દાણાપાણી બંધ થઈ ગયું છે. ચોકીદાર અડગ છે અને પોતાના ઈરાદાઓ પર ઊભો છે. વિપક્ષવાળા ફક્ત મોદીને હટાવવા ઇચ્છે છે. હું ગરીબી હટાવવા ઇચ્છુ છું." પ્રધાનમંત્રીએ કહ્યું કે, "વિપક્ષ મારી પર સ્ટ્રાઇક કરી રહ્યા છે અને મોદી તો તેમણે એવું પણ કહ્યું કે અમૂલ ડેરીનો પ્રારંભ કરનાર તમામ લેઉઆ પટેલ. લેઉઆ પટેલની દિર્ઘદ્રષ્ટિનો લાભ .તમામ લોકોને મળે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીને અન્નપુર્ણા ટ્રસ્ટના ૧૦૮ ટ્રસ્ટીઓ વચ્ચે સ્થાન અપાયું છે. તો આ કાર્યક્રમમાં પાટીદાર સમાજના મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા છે. જેમાં કેશુભાઇ પટેલ, કરશનભાઈ પટેલ, વલ્લભભાઈ કથીરીયા, દિનેશ કુંભાણી, સુરેન્દ્ર પટેલ, મનસુખ માંડવીયા દિલિપ સંઘાણી સહિતના રાજકીય અને આતંકીઓ પર સ્ટ્રાઇક કરી રહ્યા છે."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "કેટલાક દિવસ પહેલા અમારી સરકારે ૧૨ કરોડ ખેડૂત પરિવારો માટે યોજના લૉન્ચ કરી હતી. આજે ૪૨ કરોડ શ્રમિકો માટે યોજના લૉન્ચ કરી છે. તેમણે ૫૫ વર્ષમાં ના કર્યું, એ ચાવાળાનાં દીકરાએ ૫૫ મહિનામાં કરી દીધું." ગુજરાત પ્રવાસ પૂર્ણ કર્યા બાદ પીએમ મોદી મધ્યપ્રદેશ જવા રવાના થયા.

દિલ્હીમાં આપ-કોંગ્રેસનું ગઠબંધન નહીં થાયઃ શીલા દીક્ષિત

ન્યુ દિલ્હી

દિલ્હીના પૂર્વ મુખ્ય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શીલા દીક્ષિતે આપની સાથે ગઠબંધન કરવાનો ઈકાર કરી દીધો છે. તેમણે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે બેઠક કરીને આ નિર્ણય લીધો હતો. નોંધનીય છે કે, પહેલા અટકળો લાગી રહી હતી કે, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ૩-૩ બેઠકો પર ગઠબંધન કરી શકે છે. ત્યાંજ એક બેઠક શત્રુઘ્ન સિન્હા અથવા યશવંત સિન્હા માટે રાખવામાં આવશે. જો કે આ શીલા દીક્ષિતે તમામ અટકળો પર રોક લગાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના બાલોકોટમાં ભારતીય વાયુસેના દ્વારા કરાયેલી એર સ્ટ્રાઇક બાદ બન્ને દેશોની તણાવની સ્થિતિ વચ્ચે આપ અને કોંગ્રેસના ગઠબંધનની અટકળો લાગી રહી હતી. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ મામલે આજે દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓ સાથે એક મહત્વની બેઠક યોજી હતી. બેઠકમાં પ્રિયંકા ગાંધી અને શીલા દીક્ષિત પણ હાજર રહ્યા હતા.

શીલા દીક્ષિતે જણાવ્યું હતું કે, દિલ્હીમાં આપ અને કોંગ્રેસનું ગઠબંધન થશે નહીં. અમે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને પણ આ અંગે વાત કરી હતી અને તેઓ પણ સહમત હતા. સર્વસમ્મતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહે જ આપએ આખરે લોકસભાની કુલ ૭ પૈકી ૬ બેઠકો પર પોતાના ઉમેદવારોના નામની જાહેર કર્યા હતા.

આમ આદમી પાર્ટીએ નવી દિલ્હીથી બ્રીજેશ ગોયલને ઉમેદવાર જાહેર કર્યા હતા. પૂર્વ દિલ્હીથી આતિશી માર્લિના, ઉત્તર દિલ્હીથી દિલીપ પાંડેય, દક્ષીણ દિલ્હીથી રાઘવ ચઢ્ઢા, ચાંદની ચોકથી પંકજ ગુપ્તા અને ઉત્તર-પશ્ચીમ દિલ્હીથી ગુગન સિંહને ઉમેદવાર જાહેર કર્યા હતા.

MARKET 4U™
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો
ક્યાં છે તે જાણવા
GPS ટ્રેકિંગ
સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456
ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.
Mo. 7575006847

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

Celebrate Women's Day
Try your Luck...



01 Visit Our Clinic
02 Pick up a Chit & Get Treatment Absolutely FREE
03 Get Gift Voucher worth ₹ 5000
ONLY ON : 05 - 06 - 07 MARCH 2019
AVAILABLE TREATMENTS
• HOMEOPATHY • HAIR
• COSMETIC • LASER
• DIETITIAN • SLIMMING
Arogyam
THE HEALTH MANTRA
F1-F2, Ravi Raj Flats, Nr. Mahalaxmi Temple, Nr. D-Mart, Chhatrapati Shivaji Circle, New Adajan Road, Surat-9.
M : 70486-61221, 81419-61221
www.arogyamclinic.com
Time : 9am to 1pm & 4pm to 8pm

લોકોને પીવા માટે પાણી નથી મળતુ અને અહી ફુવારા ઊડે છે

રાણપુર તાલુકાના અલમપુર-ઉમરાળા વચ્ચે પાણીનો થઈ રહેલ બેફામ બગાડ



તંત્રની ઘોર બેદરકારીના લીધે લોકોમાં ઉગ્ર રોષ, બગાડ થતુ પાણી બંધ કરવા માંગ

હજી તો ઉનાળાની શરૂઆત પણ નથી થઈ અને પાણીને લઈ રાજ્ય સરકાર દ્વારા આગોતરા આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.નર્મદાના નીરને સૌની યોજના અંતર્ગત વિવિધ ડેમો માં પાણી ઠાલવીને ઉનાળા માટે તૈયારીઓ કરવામાં આવી છે.ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના અલમપુર-ઉમરાળા વચ્ચે પાણીની હેવી લાઈન નિકળે છે આ લાઈન પર વાલ નાંખવામાં આવેલ છે આ વાલ છેલ્લા કેટલાક સમય થી લીક હોવાથી મોટા ફુવારા સાથે મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થઈ રહ્યો છે.

રાણપુર તાલુકાના અલમપુર-ઉમરાળા વચ્ચે મુખ્યમાર્ગ ને અડી ને જ ખેતરોમાંથી પાણીની પાણીની હેવી લાઈન પસાર થાય છે.આ લાઈનમાં એક વાલ્વમાં લીકેજ હોવાના કારણે મોટા ફુવારા સાથે પાણીનો મોટા પાયે બગાડ થઈ રહ્યો છે.

આ ફુવારા રૂપે વહી રહેલુ પાણી ખેતરમાં ફેલાઈ રહ્યુ છે જાણે તંત્ર દ્વારા ખેતર માલીક માટે કોઈ વિશિષ્ટ યોજના પ્રસ્તુત કરવામાં આવી હોય તેવુ દ્રશ્ય સર્જાયુ છે.બેફામ રીતે મોટા ફુવારા થી મહામુલુ પાણી વેડફાઈ રહ્યુ છે ત્યારે તંત્ર ઘોર નિદ્રામાં પોઢી રહ્યુ છે.આ બાબતે સ્થાનિકોના જણાવ્યા મુજબ વારંવાર આ જ પ્રકારે વાલ્વમાં લીકેજ થાય છે અને પાણી વેડફાય છે. તંત્ર દ્વારા આવી સમસ્યાઓને લઈ થઈ રહેલા આંખ મિચામણા ને કારણે જ પાણીનો બગાડ થઈ રહ્યો છે ત્યારે તંત્રની ઘોર બેદરકારીનો સચિત્ર નમુનો ઘણુ બધુ કહી જાય છે.

રાણપુરમાં પ્રજાપતી બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા શિવરાત્રીની ઉજવણી કરાઈ



શિવરાત્રી ના પાવન દિવસે બોટાદ જીલ્લાના રાણપુર ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા રાણપુર ના ધારપીપળા રોડ ઉપર મહાશિવરાત્રી નિમિત્તે અમરનાથ શિવલીંગ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ બરફ માંથી શિવલીંગ બનાવવામાં આવ્યુ હતુ સાથે સર્વધર્મના પિતાની ઝાંખી અને આધ્યાત્મિક ચિત્ર પ્રદર્શન ગોઠવવામાં આવ્યુ હતુ જેનો રાણપુર ના લોકો એ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

હળવદના સફાઈ કર્મચારીઓની માંગ ના સંતોષાય તો આજથી હડતાલ પર



ગુજરાતની તમામ પાલિકાના સફાઈ કર્મચારીઓ સાથે હળવદના સફાઈ કર્મચારીઓ આજ થી હડતાલ પર ઉતરીયા છે ગુજરાત નગરપાલિકાના સફાઈ કામદારોના પ્રશ્ને અમદાવાદ સર્કીટ હાઉસ ખાતે જનરલ મીટીંગ મળી હતી જેમાં સરકાર દ્વારા પડતર પ્રશ્નો ના ઉકેલાય તો મંગળવારથી હડતાલ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. અમદાવાદ ખાતે મળેલી મીટીંગને પગલે હળવદ નગરપાલિકાના સફાઈ કામદારો મીટીગમાં ઠરાવ્યા અનુસાર સરકારને નોટીસ આપી ની અને મુખ્યમંત્રીને માંગણીઓનું આવેદન પત્ર આપવામાં આવ્યુ છે અને વિવિધ માંગણીઓ સંતોષવા રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી ત્યારે આજ તા. ૦૫.૩ થી અચોક્કસ મુદત સુધી કોઈ નિર્ણય ના આવે ત્યાં સુધી તમામ સફાઈ કામદારો હડતાલ પર ઉતરયા છે.

મમુઆરા-હબાય રસ્તાનું ખાતમુહુર્ત કરતાં રાજયમંત્રી વાસણભાઈ આહિર



ભુજ :

ગામોને જોડતાં માર્ગોનાં વિકાસ પરત્વે સરકાર ખૂબ જાગૃત છે. ગામોને જોડતાં રસ્તાઓ માટે રાજય સરકાર નવી પોલીસી બનાવી જંગલ-વાડી વિસ્તારના રસ્તાને જોબ નંબર આપવાની શરૂઆત કરી તેમજ ગામડાંઓને પાકાં માર્ગોથી જોડવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના બધા જ કામો કરાઈ રહ્યા છે, તેમ મમુઆરાથી હબાયના રસ્તાના ખાતમુહુર્ત પ્રસંગે રાજયમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું.

મમુઆરાના વથાણચોક ખાતે રૂ. ૧.૮૨ કરોડના ખર્ચે ભુજ તાલુકાના મમુઆરાથી હબાય સુધીના ૬ કિ.મી.ના રસ્તાના કામનાં ખાતમુહુર્ત બાદ સમારોહને રાજયમંત્રી વાસણભાઈ આહિરે દીપ પ્રગટાવી ખૂલ્લો મૂકી વધુમાં કહયું હતું કે, ખેડૂતો-ગામ લોકોને ખરાબ રસ્તાને કારણે પડતી મુશ્કેલીનો હવે અંત આવશે. રસ્તાઓના બાંધકામમાં ગુણવત્તા જાળવવા મુદ્દે અધિકારીઓ કડકાઈ કરે તે બાબતે ભાર મૂકી સરહદી કચ્છમાં નાગરિકોને હાલના માહોલમાં સચેત રહેવા અપીલ કરી જરૂર જણાયે પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પીજીવીસીએલ દ્વારા વીજ બિલ ''માફી મેળા'' નું આયોજન કરાયું હતું જેમાં વીજ બિલની બાકી નિકળતી લ્હેણી રકમનાં માંડવાળ કેસનાં પાંચ લાભાર્થીઓને પ્રતિકરૂપે રાજયમંત્રી વાસણભાઈ આહિરના હસ્તે પહોંચપત્રો અર્પણ કરી માફી મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢાએ ગામોને જોડતા માર્ગોના કરાઈ રહેલા કામોનો ઉલ્લેખ કરી રાજય સરકાર દ્વારા અનેકાનેક વિકાસકામો હાથ ધરાઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

પ્રારંભે જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન હરિભાઈ જાટીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષા નિયતિબેન પોકાર, જિલ્લા પંચાયતના પૂર્વાધ્યક્ષ જીવાભાઈ શેઠ, હબાય વાઘેશ્વરી મંદિરના મહંત લક્ષ્મણગિરી બાપુ, ધાણેટીના અગ્રણી રાણાબાપા, વાલાબાપા, દાનાભાઈ વરચંદ, સતીષભાઈ છાંગા, મમુઆરાના રામજીભાઈ છાંગા, સરવણ જાટીયા, ક્રિષ્ના કોઠીયાર, ધનાભાઈ કેરાસીયા, વાલજીભાઈ ડાંગર, વાઘજીભાઈ માતા, અશોક પટેલ, પીજીવીસીએલના વરસાણી, ભાગવતાચાર્ય હિતેષ જોષી, ચાંદ્રાણીના ધનજીભાઈ હુંબલ, શામજીભાઈ ડાંગર, શિવજી બરાડીયા, દેવજીભાઈ કાગી વગેરે તેમજ આજુબાજુ ગામોના સરપંચો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરેન્દ્રનગર ખાતે ક્ષત્રિય સમાજનું ગૌરવ વધારતા કુ.નેહાબા



સુરેન્દ્રનગર જિલ્લાના કટુડા ગામના વતની હાલ સુરેન્દ્રનગર મા રહેતા દિલીપસિંહ ઝાલા ના સુપુત્રી કુ.નેહાબા રાજ્યમાં સૌથી નાની ઉંમરે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થઈ સુપરવાઈઝર (મુખ્યસેવિકા) તરીકે નિમણુક પામેલ છે. જે ક્ષત્રિય સમાજ માટે ગૌરવ લેવા જેવી વાત છે.

પંચાયત મંત્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા કુ.નેહાબા દિલીપસિંહ ઝાલા (કટુડા) સુ.નગર ને અભિનંદન પાઠવ્યા હતા. આટલી નાની ઉંમરે તેમની કારકિર્દી ઉજવળ કરનાર નેહાબાને તેમના મા-બાપ ના સંસ્કાર અને તેમના માર્ગદર્શન થી તેમનુ નામ ઉજળુ કરી બતાવ્યુ છે.

નેહાબા દિલીપસિંહ ઝાલાને અમારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

જી વિદ્યાધામ ગુરૂકુળ દ્વારા રાણપુરના હડમતાળા ગામે ભવ્ય વિદ્યાર્થી સેમિનાર યોજાયો



બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના હડમતાળા ગામે જી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરૂકુળ-કરમડના સંતો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ લક્ષી માર્ગદર્શન મળી રહે તે નિમિત્તે વિદ્યાર્થી સેમિનાર યોજાયો હતો. આ વિદ્યાર્થી સેમિનાર માં કરમડ ગુરૂકુળના સંતો દ્વારા શિક્ષણ ને લગતુ અને આદર્શ બાળક વિષે માર્ગદર્શન તથા જીવન ઘડતર ના પાઠો શીખવવામાં આવ્યા હતા. આ વિધ્વાન સંતો દ્વારા સેમિનાર કરવાનો એકમાત્ર હેતુ હતો કે ગામડાના બાળકોમાં બુધ્ધી-શક્તિનો વિકાસ થાય તેમજ સારા સંસ્કારો દરેક બાળકોમાં આવે અને ગામડાનો બાળક નવી ઉંચાઈ પ્રાપ્ત કરે અને તેના ગામનુ ગૌરવ વધારે તેવુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ સેમિનારની અંદર હડમતાળા ગામના શિક્ષકો,આગેવાનો, વાલીઓ સહીત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા તથા પ.પુ. જીસ્વરૂપ સ્વામીએ પોતાના પ્રવચનમાં બાળકોને શિક્ષણ લક્ષી માર્ગદર્શન આપતા હાજર સૌ લોકોએ તાલીઓના ગડગડાટ થી સ્વામીના પ્રવચન ને વધાવી લીધુ હતુ. આ સેમિનાર કાર્યક્રમમાં પુજય જીસ્વરૂપ સ્વામી,પુજય ઈશ્વરચરણ સ્વામી, ગોપાલચરણ સ્વામી, કૃષ્ણવલ્લભ સ્વામી સહીત અનેક સંતો હાજર રહ્યા હતા.

ખેડુત હિતરક્ષક દળ દ્વારા ખેડૂતોને કનડતા પ્રશ્નો અંગે કલેક્ટરને રજૂઆત કરવા અપીલ

જય જવાન..... જય કિસાન સાથે ખેડુત હિતરક્ષક દળ દ્વારા જણાવવાનું કે ભાજપ સરકાર ની ખેડુત વિરોધી મનોવૃત્તિ ને કારણે ભરૂચ જિલ્લામાં ખેડુતો પાયમાલ બની રહ્યા છે ત્યારે આપણા જિલ્લાના ખેડૂતોના હિતમાં આપણે સૌએ આપણાં ખેડૂતોના વિવિધ પ્રશ્નો માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આપણાં હક્કની લડત કરવા યાકુબ ગુરજી, કોડીનેટર, ખેડુત હિતરક્ષક દળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ખેડૂતોના વિવિધ પ્રશ્નો જેવા કે

૧) જિલ્લાના કુલ ૩૦૦૦ થી વધુ ખેડુતોની મગની ખરીદી ટેકાના ભાવે ખરીદવાની બાકી હોય, ખરીદ કેન્દ્ર તાત્કાલિક અસર થી સરુ કરી તમામ ખેડુતોના મગની ખરીદી કરી તેની રકમ ચુકવવામા આવે.

૨) વિવિધ પ્રકારે વિવિધ યોજનાઓ માટે ખેડુતોની સંપાદન થતી જમીન માં જમીન સંપાદન એક્ટ ૨૦૧૩ ના કેન્દ્ર ના મૂળ કાયદાનું પાલન કરવામાં આવે.

૩) જમીન માપણી થયેલી ભૂલોને તાત્કાલિક સુધારી ખેડુતોની વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવે

૪) ટેકાના ભાવે તુવર ની ખરીદી ના કેન્દ્રો ઉપર ખેડુતોને રાત્રીઓનુ રોકાણ કરવું પડે છે. જે થવું જોઈએ નહીં, ખેડુતો પોતાનો માલ સ્વમાન ભેર કોઈ પણ પ્રકારના ભ્રષ્ટાચાર ના ભોગ બન્યા વિના આપી સકે તેવી વ્યવસ્થા ગોઠવવામા આવે.

૫) દહેજ વિસ્તારની PCPIR ની નગર રચનાઓ ના જાહેરનામા રદ કરવામાં આવે

૬) વિવિધ કંપનીઓ દ્વારા ખેતીની જમીન મા નાંખવામા આવતા વિજ થાંભલાઓ માટે ખેડુત તેમજ ગ્રામ પંચાયતની પરવાનગી લેવી ફરજીયાત કરવી તેમજ ખેડુતોને ખેડુતની સહમતી મુજબ વળતર આપવા મા આવે .

૭)સ્થાનિક યુવાનોને જીલ્લાના ઓધ્યોગીક એકમો મા સ્વમાન સાથે રોજગાર આપવામા આવે.

૮) દિવસે દિવસે વધતા જતા ઔધ્યોગીક પ્રદુષણને નિયંત્રિત કરવા માટે પ્રદુષણ નિયંત્રણ માટેની અધ્યતન ટેકનોલોજી નો ઉપયોગ કરવા માટે ની જિલ્લામાં વ્યવસ્થા ગોઠવવામા આવે.

વગેરે પ્રશ્નો બાબતે આવો આપણે સૌ સાથે મળી ખેડુત હિતરક્ષક દળ ના નેતૃત્વમાં મહેરબાન કલેક્ટર સાહેબને આવેદન આપી સરકારની ખેડુત વિરોધી નીતિ સામે ×અમને ભીખ નહી, અમારો અધિકાર જોઈએ × ની માટે આપણે આપણી ખેડુત હોવાની નોંધ સરકાર ને કરાવીએ.

★તારીખ : ૦૭/૦૩/૨૦૧૯- ગુરૂવાર

★સમય : સવારે ૧૦.૩૦ કલાકે

★એકત્રિત થવાનું સ્થળ : કલેક્ટર કચેરી , ભરૂચ.

(ખેડુત ભાઈઓ ૧૦.૩૦ કલાકે સમયસર હાજર રહેવું)

નોંધ : - ભરૂચ જીલ્લાના એક એક ખેડૂત સુધી આ મેસેજ પહોંચાડવા વધારેમાં વધારે ફોરવર્ડ/શેર કરો

જે ખેડૂતો વોટ્સએપ, ફેસબુક જેવા સોસીયલ મીડિયા સાથે જોડાયેલ નથી કે વાપરતા નથી તેને આ મેસેજ વાંચી સંભળાવો અને દરેક ખેડૂતને આપણાં હક્કની લડત માટે એક દિવસનો સમય કાઢી સામેલ થવા સમજાવવા વિનંતી સહ કોડીનેટર યાકુબ ગુરજીના જય જવાન જય કિસાન.

પ્રેમનો આવો તો કેવો વિચિત્ર નિયમ કે અઢળક પ્રેમ આપવા છતાં પણ સામે દર્દ મળ્યુ



કોલેજના છેલ્લા વર્ષની પરીક્ષા પહેલાના દિવસો છે અને કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખુબ ઓછી જોવા મળી રહી છે. આવા સમયે પણ કોલેજમાં નિયમીત અભ્યાસ કરવા માટે જીગર, જાનવી અને તેના મિત્રો આવી રહ્યા છે. જીગર અને જાનવીના કોલેજના અંતિમ દિવસો સુધી અભ્યાસ કરવા માટે આવવાના આમ તો બે મુખ્ય કારણ છે. એક તો બન્ને પ્રેમી યુગલો સાથે વધુમાં વધુ સમય પસાર કરી શકે અને બીજી કે કોલેજના અભ્યાસની સાથે મિત્રો સાથે કોલેજના છેલ્લા દિવસો સુધી હસી મજાક કરી શકાય. કોલેજના ક્લાસરૂમમાં માત્ર ચાર પાંચ વિદ્યાર્થીઓ જ આવ્યા છે ત્યારે પ્રોફેસર આવીને પુછે છે કે તમે ખરેખર ભણવા માટે આવ્યા છો કે મારો પગાર વસુલ કરવા આવ્યા છો? આ સાંભળીને જીગર, જાનવી સહિતના મિત્રો ખડખડાટ હસી પડે છે. જીગરે કહ્યુ કે, સાહેબ અમે તો ભણવાની સાથે મજા કરવા આવ્યા છીએ નહી કે આપનો પગાર વસુલ કરવા માટે. એ..... સારૂ હો તેમ પ્રેફોસરે કહીને ક્લાસરૂમમાં ભણાવવાનું શરૂ કર્યુ ત્યારે જાનવીએ કહ્યુ કે સર પરીક્ષામાં આઈએમપી હોય તેવુ અમને શીખવાડજો જેથી આ જીગરને પાસ થવામાં વાંધો ન આવે. જીગરે કહ્યે કે, જાનવી હું તો પ્રેમની પરીક્ષામાં તો પાસ થઇ ગયો છુ પછી કોલેજની પરીક્ષામાં નપાસ થવાનો કોઈ સવાલ જ ઉભો થતો નથી. મારા માટે તો પ્રેમની પરીક્ષા સૌથી અઘરી હતી અને એમા તે મને ખુશી થી પાસ કરી દીધો છે. જાનવીએ કહ્યુ કે, જીગર પ્રેમની પરીક્ષા તો મે લીધી હતી એટલે તું વગર મહેનતે પાસ થઇ ગયો છું પરંતુ કોલેજની પરીક્ષા હું નથી લેવાની એટલે તારે થોડી મહેનત કરવી પડશે. પ્રેફોસરે વચ્ચે બોલતા કહ્યુ કે, જીગર તું હોશિયાર વિદ્યાર્થી છું પરંતુ પરીક્ષા સુધી તું પ્રેમના બદલે કોલેજની પરીક્ષાની તૈયારીઓ કરીશ તો સારા માર્ક્સ સાથે ચોક્કસ પાસ થઇ જઈશ. સાહેબ અહી કોને સારા માર્ક્સ સાથે પાસ થવુ છે મને તો મારી જાનવી મળી ગઇ એટલે કોલેજ કરવાની મહેનત વ્યર્થ નહી જાય. પરંતુ આ સમયે જાનવી કહે છે કે, જીગર આપણે બન્ને પરીક્ષામાં ઉત્તમ પરીણામ પ્રાપ્ત કરવા માટે થોડા દિવસો સુધી સંપર્કમાં નહી રહીએ અને હવે પછી આપણે પરીક્ષા પુર્ણ કરીને જ મળીશુ. પ્રોફેસરે કહ્યુ કે બરાબર છે, પ્રેમ તો આખી જીંદગી કરી શકો છે પરંતુ જીંદગી બનાવવા માટે કોલેજની અંતિમ પરીક્ષા સારા માર્ક્સ સાથે પાસ કરવી અનિવાર્ય છે. જીગર કહે છે કે, કોલેજની પરીક્ષા તો હું સારા માર્ક્સ સાથે ત્યારે જ પાસ કરી શકીશ કે જ્યારે જાનવી તું મારી સાથે હોય, તારા વગર હું પાસ નહી થઇ શકુ. જાનવીએ કહ્યુ કે હું ક્યાં તને છોડીને જતી રહુ છું, આ તો થોડા દિવસો પછી ફરીથી આપણે પહેલાની જેમ જ મળતા રહીશુ અને અઢળક પ્રેમ પણ કરતા રહીશુ. તો પણ સતત દશ દિવસ સુધી આપણે ન મળીએ તો મારા માટે જીવવું મુશ્કેલ બની શકે છે. તું મને કોલેજમાં તો જોઈ જ શકવાનો છું પણ આપણે સંવાદ નહી કરીયો. આખરે જાનવીની જીદના કારણે જીગર પરીક્ષા સુધી નહી મળવા માટે તૈયાર થાય છે અને જીગર, જાનવી તથા તેના મિત્રો આજે કોલેજનો છેલ્લો પીરીયડ ભણીને છુટા પડે છે. કોલેજના ક્લાસરૂમમાંથી બહાર નિકળતા સમયે



જીગર, જાનવી અને તેના મિત્રોની આંખોમાં આંસુ આવી જાય છે. જીગરની આંખો જાનવીને નિહાળી રહી છે અને જાનવી જ્યાં સુધી કોલેજથી ઘરે જવા માટે નિકળતી નથી ત્યાં સુધી જીગર એક જ નજરથી મનભરીને જાનવીને નિહાળી રહ્યો છે. કેમ કે દસ દિવસ સુધી જાનવી હવે જીગરને મળવાની નથી. અહીથી જ જાનવીને ભરપુર પ્રેમ કરતા જીગરને દર્દ મળવાની શરૂઆત થાય છે.

જીગર કોલેજથી સીધો ઘરે આવે છે અને પરીક્ષાની તૈયારી કરવા માટે ચોપડી હાથમાં પકડે છે પરંતુ તેનું મન પરીક્ષાની તૈયારીમાં લાગતુ નથી. જીગર જાનવીના વિચારોમાં જ ખોવાયેલો રહે છે અને વિચારવા લાગે છે કે જાનવી દશ દિવસ સુધી મારા વગર એકલી રહી શકશે કે કેમ? આવા અનેક વિચારોમાં ખોવાયેલો જીગર ચોપડી બાજુમાં મુકીને સતત મોબાઈલ હાથમાં પકડીને બેસી રહ્યો છે. જીગરને સતત એમ લાગ્યા કરે છે કે હમણા જાનવીનો મેસેજ આવશે, ફોન આવશે પરંતુ જીગરની બધી આશાઓ ઠગારી નિવડે છે અને જાનવીનો ફોન કે મેસેજ આવતા નથી. તો આ બાજુ જાનવી પણ જીગરના વિચારોમાં ખોવાયેલી રહે છે અને જીગર શું કરતો હશે તેમ વિચાર્યા કરે છે. જાનવી જીગરને એક વખત ફોન કરવા માટે ફોન પણ હાથમાં લે છે પરંતુ ફરીથી મનને મનાવીને જાનવી કોલેજની પરીક્ષાની તૈયારી કરવા લાગી જાય છે. જાનવી તો પરીક્ષાની તૈયારીમાં મસ્ત બની જાય છે પરંતુ જીગર પરીક્ષાની તૈયારી કરવાના બદલે જાનવીના વિરહમાં ખોવાયેલ રહે છે અને ચારેબાજુ પોતાની જાનવીને જ શોધ્યા કરે છે. આખરે પરીક્ષાનો દિવસ આવી જાય છે અને જીગર આજે તો કોલેજમાં જાનવી જોવા મળશે તેમ વિચારીને કોલેજમાં સમય કરતા પણ વહેલો આવી જાય છે અને જાનવીને શોધ્યા કરે છે. પરીક્ષા શરૂ થવાને માત્ર ગણતરીની મિનીટો જ બાકી હોય છે ત્યારે જાનવીની બહેનપણીને જોઈને જીગર હરખાઈ જાય છે અને તેની પાસે દોડીને જઈને પુછે છે કે, જાનવી ક્યાં છે ત્યારે જીગરને ખબર પડે છે કે જાનવીનો પરીક્ષા માટે બીજી કોલેજમાં નંબર આવ્યો છે. આ જાણીને જીગર ખુબ નિરાશ થાય છે અને પરીક્ષા આપવા માટે ક્લાસરૂમમાં જાય છે. કંઈ પણ તૈયારી કર્યા વગર જીગર પરીક્ષામાં બહુ વધારે લખી શકતો નથી અને જે યાદ આવે છે તે લખ્યા કરે છે. પોતાનું પેપર સમય કરતા વહેલુ આપીને જીગર પોતાની પ્રેમીકા જાનવીની એક ઝલક નિહાળવા માટે જાનવીનો જે કોલેજમાં નંબર આવ્યો છે ત્યાં બહાર ઉભો રહી જાય છે. જેવી જાનવીની નજર જીગર ઉપર પડે છે કે જગર હર્ષોલ્લાસથી ઉછળવા લાગે છે તો જાનવી પણ ખુબ જ ખુશ થાય છે. પરંતુ આ દ્રશ્ય જાનવીના પિતાજી જોઈ જાય છે અન તે જાનવીને ત્યાંથી દુર લઈ જાય છે. જીગરને પણ ખબર પડી જાય છે કે જાનવીના પિતાજી નારાજ થઇ ગયા છે. જાનવી જેવી ઘરે પહોંચે છે કે તરત જ ઘરના બધા સભ્યો જાનવીને ઠપકો આપવા લાગે છે અને ફરીથી ક્યારેય જીગરની સામ પણ જોવાની મનાઈ ફરમાવવામાં આવે છે. જાનવીના માતા પિતા સ્પષ્ટ કહી દે છે કે જો તું જીગરને નહી ભુલે તો અમે જીગરની જીંદગી ખતમ કરાવી દઈશુ. આ સાંભળીને જાનવી ખુબ જ ડરી જાય છે અને જીગરને પત્ર લખીને ભુલી જવા માટે સ્પષ્ટ જણાવી દે છે. જાનવીનો પત્ર જેવો જીગર વાંચે છે કે તેના પગ નીચેથી જમીન ખસી જાય છે. જીગર કાંઇ સમજી શકતો નથી કે જાનવીએ આવું કેમ કર્યુ હશે. જીગર હવે જાનવીના ગમમાં રહ્યા કરે છે તો બીજી બાજુ જાનવી જીગરનો જીવ બચાવવા માટે જીગરથી દુર રહેવાનો નિર્ણય કરે છે. જાનવી વગરનો જીગર દર્દ સાથે જીવી રહ્યો છે અને કહી રહ્યો છે કે, પ્રેમનો આવો તો કેવો વિચીત્ર નિયમ કે અઢળક પ્રેમ આપવા છતાં પણ સામે દર્દ મળ્યુ. (સત્ય ઘટનાથી પ્રેરીત, નામ બદલેલ છે)

પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનામાં ડાંગ જિલ્લામાં તા.૪થી માર્ચ સુધી નોંધાયા ૩,૮૪૫ લાભાર્થીઓ

આહવા: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંવેદનશીલતાને કારણે છેવાડાના શ્રમયોગીઓને પણ પેન્શન પુરૂ પાડવાની માનવતાવાદી યોજનાનો આજે શુભારંભ થઈ રહ્યો છે તેમ જણાવી વલસાડના સાંસદશ્રી ડાહ્યા.કે.સી.પટેલે શ્રમયોગીઓને સન્માન આપતી આ યોજનાનો વધુમાં વધુ લોકોને લાભ લેવાનો અનુરોધ કર્યો હતો.

છેવાડાના માનવીઓ માટે સતત ચિંતા સેવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ખૂબ જ મહત્વકાંક્ષી યોજના છે તેમ જણાવતા ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે, ડાંગના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને તેનો સમયસર લાભ લેવાની અપીલ કરી હતી. જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગોના કર્મચારી/અધિકારીઓની છેલ્લા પંદરેક દિવસના રાતદિવસના પરિશ્રમને બિરદાવી કલેક્ટર શ્રી ડામોરે જિલ્લામાં તા.૪થી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૩,૮૪૫ જેટલા લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાયુ હોવાનું પણ જણાવ્યું હતું.

પ્રાસંગિક વક્તવ્યમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.ચ.કે.વઢવાણિયાએ યોજનાની સૂક્ષ્મ વિગતો રજુ કરીને સૌને તેમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો.

આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ સ્થિત ટીમ્બર હોલ ખાતે યોજાયેલા શુભારંભ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા વાપી/વલસાડના લેબર ઓફિસર શ્રી એસ.એસ.શાહે યોજનાની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના અંતે એકલવ્ય માઙ્ખડેલ સ્કૂલના શિક્ષક શ્રી માવજીભાઈ ભોયેએ આભારવિધી આટોપી હતી.

ઉલ્લેખનિય છે કે, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત તા.૪થી માર્ચ ૨૦૧૯ સુધીમાં ડાંગ જિલ્લામાં ૩,૮૪૫ જેટલા લાભાર્થીઓનું આઙ્કનલાઈન રજીસ્ટ્રેશન થવા પામ્યું છે. જ્યારે પાત્રતા ધરાવતા અન્ય લાભાર્થીઓ ડાંગ જિલ્લાની જુદી જુદી ગ્રામ પંચાયતો ખાતે કાર્યરત કોમન સર્વિસ સેન્ટર ખાતે તેમના નામની નોંધણી કરાવી શકે છે. નામ નોંધાવવા માટે લાયક લાભાર્થીઓએ તેમના આધાર કાર્ડ સહિત બેંક એકાઉન્ટની વિગતો, ઓ.ટી.પી. માટે મોબાઈલ ફોન, આધાર કાર્ડમાં જન્મતારીખ દર્શાવેલી ન હોય તો જન્મતારીખનો પુરાવો તથા પ્રથમ હપ્તો ભરવા માટેની રકમ સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવુ જરૂરી છે.

અસંગઠિત શ્રમયોગીઓ માટેની આ પેન્શન યોજનામાં અસંગઠિત શ્રમયોગીઓ જેવા કે ફેરિયાઓ, ઘરેલુ શ્રમયોગીઓ, આંગણવાડી શ્રમયોગીઓ, મધ્યાહન ભોજન શ્રમયોગીઓ, આશા શ્રમયોગીઓ, મનરેગાના લાભાર્થીઓ, શાકવાળાઓ, હાથલારી શ્રમયોગીઓ, હસ્તકલાના કારીગરો, કચરો વિણનારાઓ, સીમાંત ખેડૂતો, એ.પી.એમ.સી.માં કામ કરતા શ્રમયોગીઓ સહિત માસિક રૂા.૧૫ હજાર કે તેથી ઓછી આવક ધરાવતા ૧૮ થી ૪૦ વર્ષની વયજુથના લાભાર્થીઓને લાભ મળવાપાત્ર થાય છે. યોજનામાં રૂા.૩,૦૦૦/- માસિક પેન્શન લાભાર્થીને ૬૦ વર્ષની ઉંમર બાદ મળવાપાત્ર થાય છે.

સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમયોગીઓ, પી.એફ./ઈ.એસ. આઈ.સી. (એન.પી.એસ.માં નોંધાયેલા શ્રમયોગીઓ) તથા ઈન્કમટેક્ષ ભરતા શ્રમયોગીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થતો નથી.

આહવા ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન શાળાની બાળાઓએ પ્રાર્થના તથા સ્વાગત ગીત રજુ કર્યા હતા. જ્યારે વસ્ત્રાલ (અમદાવાદ)થી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોજનાના રાષ્ટ્રીય શુભારંભ કાર્યક્રમનું જીવંત પ્રસારત પણ અહીં ઉપસ્થિત રહેલા મહાનુભાવો તથા લાભાર્થીઓએ નિહાળ્યુ હતું.

કાર્યક્રમમાં આહવા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી નરેશ ગવળી સહિત આહવાના સરપંચ શ્રીમતી રેખાબેન પટેલ, ડાંગ સ્વરાજ આશ્રમના શ્રી ગાંડાભાઈ પટેલ, એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી વિજયભાઈ પટેલ, સામાજિક કાર્યકર શ્રી રમેશભાઈ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.ડી.પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડાહ્યા.મેઘા મહેતા, પ્રાંત અધિકારી કાજલ ગામીત, સાપુતારાના ચીફ ઓફિસર શ્રી કે.પી.ગામીત, આહવાના મામલતદાર શ્રી પી.બી.ગવળી સહિતના અધિકારીઓ, સંબંધિત વિભાગના કર્મચારીઓ, લાભાર્થીઓ તથા સેવાભાવીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી.

આહવા ખાતે યોજાયો સ્વામી વિવેકાનંદ યુવા મંડળોને કીટ વિતરણ કરવાનો કાર્યક્રમ

જિલ્લાના ૩૧૪ યુવા મંડળોને મહાનુભાવોના હસ્તે અપાયા રમતગમતના સાધનો

આહવા: યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી, તેમનામાં ધરબાયેલી ખેલ પ્રતિભાઓને યોગ્ય પ્લેટફોર્મ પુરૂ પાડી શકાય તે માટે સ્વામી વિવેકાનંદ યુવા મંડળોને રમતગમતના સાધનો અર્પણ કરવા સાથે તેમને રચનાત્મક માર્ગે વાળી શકાય તેવા ઉમદા હેતુ સાથે યુવાનોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે તેમ જણાવતા વલસાડના સાંસદશ્રી ડાહ્યા.કે.સી.પટેલે, યુવાનોના માધ્યમથી સમાજમાં રહેલા કુરિવાજો અને દુષણોને રોકી શકાશે તેમ જણાવ્યું હતું.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ડાંગ સ્વરાજ આશ્રમના પટાંગણમાં આયોજિત સ્વામી વિવેકાનંદ યુવા મંડળોને કીટ અર્પણ કરવાના કાર્યક્રમમાં ઉદ્બોધન કરતા શ્રી કે.સી.પટેલે સમાજોપયોગી કાર્યોમાં આવા યુવા મંડળો તથા યુવાનો અસરકારક ભૂમિકા ભજવી શકે છે તેમ જણાવ્યું હતું. દરમિયાન પ્રાસંગિક વક્તવ્ય રજુ કરતા ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.ચ.કે.વઢવાણિયાએ યુવાશક્તિનો હકારાત્મક ઉપયોગ કરીને તેમનામાં રહેલા કૌશલ્યને બહાર લાવવાના અભિયાન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો ઉદેશ સ્પષ્ટ કર્યો હતો.

ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમને કારણે રાજ્ય અને દેશને ગૌરવ અપાવનારા ડાંગના રમતવીરો કુ.સરીતા ગાયકવાડ અને મુરલી ગાવિત જેવા ખેલરત્નો દેશને મળ્યા છે ત્યારે, સ્વામી વિવેકાનંદ યુવા મંડળોના યુવાનોને પણ મળેલી તક ઝડપી લઈને તેમનું કૌવત દર્શાવવાનું આહ્વાન શ્રી વઢવાણિયાએ આ વેળા કર્યું હતું. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરવાની અપીલ કરતા શ્રી વઢવાણિયાએ ઉપસ્થિત લાભાર્થી યુવાનોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું.

મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના સીનિયર કાહ્યચ શ્રી અલ્કેશ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મદદનીશ રમતગમત અધિકારી શ્રી રાહુલ તડવીએ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ૧૨૬ ગામોના ૧૨૮ સ્વામી વિવેકાનંદ યુવા મંડળો સહિત વઘઈ તાલુકાના ૯૦ ગામોના ૯૧, અને સુબિર તાલુકાના ૯૫ ગામોના ૯૫ યુવા મંડળો મળી કુલ-૩૧૪ મંડળોને ક્રિકેટ તથા વોલીબોલ જેવી રમતના સાધનો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા છે તેમ પૂરક વિગતો આપતા જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોર, નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડાહ્યા.મેઘા મહેતા, પ્રાંત અધિકારી કાજલ ગામીત સહિત ડાંગ સ્વરાજ આશ્રમના શ્રી ગાંડાભાઈ પટેલ, એ.પી.એમ.સી. ચેરમેન શ્રી વિજયભાઈ પટેલ, આહવાના સરપંચ શ્રીમતી રેખાબેન પટેલ, યુવા કાર્યકરો સર્વશ્રી હરીરામ સાવંત અને સંજય પાટીલ, સહિત રમતગમત વિભાગના અધિકારીઓ, યુવા મંડળોના સભ્યો સહિત લાભાર્થીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી.

તંત્રી સ્થાનેથી...

ઝડપી કામોની દિશામાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં હવે તેમની અવધિ પૂર્ણ કરી ચુકી છે. કોઈ કઈ સમય લોકસભાની ચૂંટણી કાર્યક્રમની હવે જાહેરાત કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં સામાન્ય લોકો હજુ મોદી સરકારની કામગીરીથી કેટલાક મોરચે તો સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે જે રીતે પુલવામા ત્રાસવાદી હુમલો થયો અને ત્યારબાદ જે રીતે ભારત સરકાર દ્વારા પોકમાં ઘુસીને ભારતે ત્રાસવાદી અડ્ડા પર હુમલા કર્યા તેને લઈને દેશના લોકો સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. મોદી સરકાર આતંકવાદના મોરચે લોકોની અપેક્ષા મુજબ વધી છે. છેલ્લા પાંચ વર્ષમાં સ્વચ્છતા, વિકાસના મોરચે અનેક સફળ કામો થયા છે. આયુષ્માન ભારત જેવી યોજના લોકોને ખુબ રાહત આપી રહી છે. જ્યારે કેટલાક મોરચે તેમની કામગીર અપેક્ષા મુજબ નબળી રહી હતી. જો કે દેશના લોકો મોદી સરકારમાં પૂર્ણ વિશ્વાસ હજુ ધરાવે છે જે આંકડા પરથી સાબિત થાય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં અવધિ પૂર્ણ કરી ચુકી છે ત્યારે સરકાર એકબાજુ પોતાની સિદ્ધીઓ રજૂ કરી રહી છે. અનેક મોટી યોજના સફળ રહી હોવાનો દાવો સરકાર દ્વારા સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે પરંતુ જુદા જુદા વિષય પર લોકોમાં અસંતોષ હજુ પણ દેખાઈ આવે છે. ખાસ કરીને મોંઘવારીને અંકુશમાં લેવા માટે લેવામાં આવેલા પગલાથી દેશના લોકો સંતુષ્ટ દેખાઈ રહ્યા નથી. બાજુ ખેડુત સમુદાયની જે ચિંતા છે તેના તરફ પણ પુરતી રીતે ધ્યાન આપી શકાયુ નથી. ઉપરાંત બેરોજગારી રેકોર્ડ ગતિથી વધી રહી છે જેથી યુવા વર્ગમાં અસંતોષ અને નારાજગી છે. સારા લાયકાત ધરાવતા લોકોને રોજગારી મળી રહી નથી. મોદી સરકાર એકબાજુ પોતાની સિદ્ધીઓને લઈને રજૂઆત કરી રહી છે પરંતુ મુખ્ય સંવેદનશીલ મુદ્દા પર પુરતા પ્રમાણમાં કામો થઈ રહ્યા નથી. કષિ ક્ષેત્ર માટે અનેક યોજના જાહેર કરવામાં આવી હોવા છતાં કૃષિ સમુદાય સાથે જોડાયેલા ખેડુતોને પુરતા પ્રમાણમાં પેદાશો માટે નાણા મળી રહ્યા નથી. નવા વર્ષમાં લોકોની અપેક્ષા મુજબ ઝડપથી કામ કરે તે જરૂરી છે. સ્થાનિક મોરચે વધારે અસરકારક બનીને તેમની વિકાસ પુરૂષ તરીકેની પ્રતિષ્ઠાને પુરવાર કરે તે જરૂરી છે. દેશમાં મોંઘવારીને લઈને તમામ લોકો પરેશાન થયેલા છે. આવી સ્થિતીમાં સૌથી પહેલા મોદીએ કેટલાક એવા પગલા લેવા જોઈએ જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને મોંઘવારીમાંથી ઝડપથી રાહત મળે. આના માટે સાહસી નિર્ણય કરવાની જરૂર છે. લોકો તેમની પાસેથી આવા સાહસી નિર્ણયની જ અપેક્ષા પણ રાખે છે. બીજી બાજુ રોજગારીને મોરચે હજુ સુધી ધીમી ગતિએ આગળ વધનાર સરકારને આ ક્ષેત્રને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂર છે. મોટા પાયે રોજગારીની તકો સર્જીને લોકોની નિરાશા દુર કરવાનો હવે સમય આવી ગયો છે. વચનથી કામ ચાલશે નહી. લોકો માત્ર વચનથી હવે રાજી થશે નહી. નવી નવી સ્કીમ જાહેર કરીને કામ ચાલશે નહી. લોકો સુધી ઝડપથી તમામ યોજનાના લાભ પહોંચે તે જરૂરી છે. સામાન્ય લોકો હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. પ્રજાએ નરેન્દ્ર મોદીને ત્રણ કારણોથી પસંદ કર્યા હતા. આ ત્રણ કારણોમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને નોકરીની અછતનો સમાવેશ થાય છે.

મોદી સરકારના ઘણા પગલાઓથી સંતોષ

ભારતે પૂર્ણ યુદ્ધની વાત કરી

પુલવામા હુમલા બાદ ભારત સરકારે જે રીતે એક્શનમાં આવીને કઠોર વલણ અપનાવ્યુ હતુ તે બાબતની નોધ વિશ્વના સ્તર પર લેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર કેટલી હદ સુધી એલર્ટ છે તે બાબતનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે મોદીએ અભિનંદનની કસ્ટડી અંગે માહિતી મળતાની સાથે જ વૈશ્વિક મંચ પર પણ પાકિસ્તાનને એકલા કરી દેવા રણનિતી અપનાવી હતી. એકબાજુ ત્રાસવાદીઓના અડ્ડાને ફુંકી મારવામાં આવ્યા અને બીજી બાજુ પાકિસ્તાન પર અભૂતપૂર્વ દબાણ લાવવામાં આવ્યુ હતુ. અભિનંદનને વહેલી તકે મુક્ત કરાવવા માટે વડાપ્રધાને વાતચીતનો સિલસિલો શરૂ કર્યો હતો. સૌથી પહેલા મોદીએ ત્રણેય સેનાના વડા સાથે અને કેબિનેટ સાથે બેઠક યોજી હતી. એમ કહેવામાં આવે છે કે ભારતે અમેરિકાને સાફ શબ્દોમાં પૂર્ણ યુદ્ધની વાત કરી દીધી હતી. જેના કારણે ટ્રમ્પે પણ તરત જ વધારે સક્રિય થઈને ભારતના આકરા વલણની નોંધ લીધી હતી. ટ્રમ્પે તે પહેલા એક નિવેદનમાં એમ પણ કહ્યુ હતુ કે ભારત ખુબ મોટી કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. આ તમામ નિવેદન દર્શાવે છે કે પાકિસ્તાનને ભારતે ચારેબાજુથી ભયભીત કરી દીધા બાદ અભિનંદનને છોડાવી દેવામાં સફળતા મેળવી હતી. વિરોધ પક્ષો જે મોદીને ક્યારેય સારી ક્રેડિટ આપતા નથી તે આ બાબતને ક્યારેય સ્વીકારશે નહીં. પરંતુ આ વાસ્તવિકતા છે કે મોદી સરકાર એક મજબુત સરકાર અને શક્તિશાળી સરકારની જેમ કામ કરી રહી છે. અભિનંદનને જે રીતે વહેલી તકે છોડાવી લેવામાં આવ્યા અને સાથે સાથે પુલવામા બાદ એક પછી એક દેશના નિવેદન આવવા લાગ્યા હતા તે દર્શાવે છે કે મોદી કેટલા સક્રિય રહેલા છે. તેમની મિત્રતા પણ વૈશ્વિક નેતાઓ સાથે કેટલી મજબુત થઈ છે. મુસ્લિમ દેશો પણ પ્રથમ વખત ભારતની સાથે ઉભા રહ્યા છે. મુસ્લિમ સંગઠનોની બેઠકમાં ૫૦ વર્ષમાં પ્રથમ વખત ભારતને સન્માન સાથે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ જે તેની આજની તાકાત દર્શાવે છે.

ચોકીદાર તો સાવધાન છે પરંતુ ચોર જ શોર મચાવી રહ્યા છે...

ચોકીદાર ચોક્કસપણે ખુબ સાવધાન

જમ્મુ કાશ્મીરમાં પુલવામા ખાતે હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય હવાઈ દળે પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદીઓના અડ્ડાઓને હવાઈ હુમલા મારફતે ફુંકી માર્યા હતા. ત્યારબાદ હચમચી ઉઠેલા પાકિસ્તાને ભારતીય સેન્ય સ્થળોને નુકસાન કરવાના હેતુ સાથે ભારતમાં ઘુસીને હુમલા કરવાના પ્રયાસ કર્યા હતા. જો કે સાવધાન ભારતીય હવાઈ દળે પાકિસ્તાનના હુમલાના તમામ પ્રયાસોને નિષ્ફળ કર્યા હતા. પાકિસ્તાની એફ-૧૬ વિમાનો ભારતમાં ઘુસ્યા ત્યારે આકાશમાં ડોગફાઈટ પણ થઈ હતી. જેમાં એક પાકિસ્તાની એફ-૧૬ વિમાનને તોડી પાડવામાં ભારતને સફળતા મળી હતી. જો કે મિગ-૨૧ બાયસન યુદ્ધવિમાનના પાયલોટ અભિનંદનના વિમાન પર દુશ્મન દેશના લોકોએ હુમલો કરી દીધો હતો. જેના કારણે તેમના યુદ્ધવિમાનમાં આગ લાગી ગઈ હતી અને અભિનંદન પેરાશુટ મારફતે કુદી ગયાહતા. જો કે એ દિવસે ખરાબ હવામાન અને પવનની તીવ્ર ગતિ હોવાના કારણે અભિનંદન ડ્રીફ્ટ કરીને પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા. જ્યાં તેમને પાકિસ્તાની સેના દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જેથી ભારતની ચિંતા વધી ગઈ હતી. કારણ કે પાકિસ્તાનો રેકોર્ડ ક્યારેય સારો રહ્યો નથી. તેનુ વર્તન ભારતીય જવાનો સાથે ક્રુરતા ભરેલુ રહેલુ છે. તે બાબત જાણીતી રહી છે. જો કે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે પાકિસ્તાન પર એટલુ બધુ દબાણ લાવ્યુ હતુ કે આ વખતે ભારતીય પાયલોટને પાકિસ્તાનને ૬૦ કલાકની અંદર છોડી દેવાની ફરજ પડી હતી. જેના કારણે દેશના લોકો આજે ગર્વ અનુભવ કરી રહ્યા છે. પુલવામા હુમલા અને ત્યારબાદ ભારત દ્વારા લેવામાં આવેલા એક એક એક્શનના કારણે દેશના લોકો આજે ગર્વ અનુભવ કરી રહ્યા છે. આ તમામ



શોર મચાવી રહેલા લોકો કહે છે કે જીનેવા સંધી હેઠળ અભિનંદનને છોડવામાં આવ્યો હતો, પરંતુ આ બાબત પહેલા શક્ય બની ન હતી

ઘટનાક્રમ દર્શાવે છે કે ભારતના ચોકીદાર ખુબ સાવધાન અને એલર્ટ છે. કારણ કે તેમની સિંહ ગર્જના આ ગાળા દરમિયાન જારી રહી હતી. એકબાજુ વિરોધ પક્ષો આને લઈને પણ મોદીની પ્રશંસા કરવાના બદલે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનન પ્રશંસા કરી રહ્યા છે. હવે વહેલી તકે જો વિપક્ષ દ્વારા ઈમરાન ખાન માટે નોબેલ શાંતિ માટે ભલામણ કરવામાં આવશે તો આશ્ચર્ય થશે નહીં. વિરોધ પક્ષ મોદીને અભિનંદનની કલાકોમાં મુક્તિ માટે મોદીને ક્રેડિટ આપવા માટે ઈચ્છુક નથી. આના માટે ક્રેડિટ પણ ઈમરાન ખાનને આપવા માટે ઈચ્છુક છે. જે તેમની પાકિસ્તાન પ્રત્યે પાકપરસ્તી દર્શાવે છે. વિરોધ પક્ષો કહે છે કે જિનેવા સંધી હેઠળ અભિનંદનને પાકિસ્તાને છોડી મુક્યો છે. પરંતુ અહીં આ બાબત યાદ રાખવી જરૂરી છે કે વર્ષ ૧૯૭૧માં યુદ્ધમાં એક ભારતીય પાયલોટ સુધીર ત્યાગીને પણ પાકિસ્તાનમાં પકડી લેવામાં આવ્યો હતો. જેની જાહેરાત એ વખતે પાકિસ્તાને પોતાના રેડિયો મારફતે કરી હતી. ત્યારબાદ સુધીર ક્યારેય પરત ફર્યા ન હતા. જિનેવા સંધી તો વર્ષ ૧૯૪૯થી અમલી છે. જો આવુ છે તો પાકિસ્તાને સુધીરને કેમ મુક્ત કર્યા ન હતા. અસલી બાબત એ છે કે તેના માટે દેશની મજબુત વિદેશ નીતિ જરૂરી છે. દબાણ લાવવામા આવે તે જરૂરી છે. માંગ્યા વગર તો ભીંખ પણ હવે મળતી નથી. અહીં પર ઘટનાક્રમ પર નજર રાખવાની જરૂર છે. જે દિવસે વીર અભિનંદનને પાકિસ્તાનમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો ત્યારે એજ દિવસે જ્યારે મોદીને સુચના મળી ત્યારે મોદીએ સેનાના ત્રેણય ઘટકો સાથે હાઈ લેવલ બેઠક યોજી હતી. સાથે સાથે મંત્રીમંડળની બેઠક યોજી હતી. એ જ દિવસે બપોર બાદ પાકિસ્તાને તમામ એરપોર્ટને બંધ કરી દીધા હતા. કેટલાક કલાકો બાદ જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિક્રિયા આવી ગઈ હતી. જે એ વખતે ઉત્તર કોરિયાના લીડર કિમ સાથે બેઠક કરી રહ્યાહતા.ટ્રમ્પે કહ્યુ હતુ કે ટેન્શન વચ્ચે ટુંક સમયમાં સારા સમાચાર આવનાર છે.

આગલા દિવસે જ પાકિસ્તાને જાહેરાત કરી કે અભિનંદનને છોડવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. સ્પષ્ટ છે કે ભારતે પૂર્ણ યુદ્ધની વાત ટ્રમ્પને કરી દીધી હતી. જેથી ડરી ગયેલા પાકિસ્તાને આખરે ભયભીત થઈને અભિનંદનને છોડી મુકવાનો નિર્ણય કર્યો હતો. જો કે વિપક્ષ આ બાબતને સ્વીકારી શકે નહીં. કારણ કે તેમને ચૂંટણી લાભ દેખાય છે. સાથે સાથે કેટલાક ખતરા પણ દેખાઈ રહ્યા છે. આ તમામ બાબતોને જોઈને એમ કહેવુ ખોટુ હશે નહીં કે ચોકીદાર સાવધાન અને સંપૂર્ણ એલર્ટ છે.

નવો ટ્રેન્ડ : હવે પોતાની પસંદગીનુ કામ કરવાની ઈચ્છા જાગી છે...

જોબને છોડી આગળ વધવાની ઈચ્છા

બિઝનેસના ફંડા બદલાઈ રહ્યા છે : હવે લોકો નોકરીની ઈચ્છા છોડીને બિઝનેસ કરવાની દિશામાં આગળ વધી ગયા છે

નિયમિત નોકરીની ઈચ્છા તમામ લોકોને હોય છે. પરંતુ કેટલાક લોકો એવા પણ હોય છે જે હવે જોબને પાછળ છોડીને આગળ વધવા માટે ઈચ્છુક છે. આ પ્રકારના લોકો કેટલાક એવા કામ કરવા માટે ઈચ્છુક છે જે પોતાનુ પસંદગીનુ કામ કરવા માટે ઈચ્છુક છે. લોકો એવા કામ કરવા માટે ઈચ્છુક છે જેમાં પૈસા પણ ભરપુર પ્રમાણમાં મળી રહે. કેટલાક એવા કારોબારી આજના સમયમાં વધાર જોવા મળી રહ્યા છે જે નોકરીની લાલચ છોડીને પોતાનો કારોબાર કરી રહ્યા છે. આજના સમયમાં કેટલાક કારોબાર એવા છે જેમાં વધારે કમાણી થઈ રહી છે. વેબ એન્ડ મોબાઈલ ડેવલપમેન્ટ, વેબ ડિઝાઈનિંગ, ડેટા એન્ટ્રી અને ઈન્ટરનેટ રિસર્ચ તેમજ કન્સલ્ટસી જેવા ક્ષેત્રોમાં આજે સારી કમાણી નોકરી સિવાય થઈ રહી છે. રેઝ્યુમ લખવાની બાબત, કુકિંગ રેસિપી, ઓનલાઈન ભારત નાટ્યમ કોર્સ ભણાવવા, ઓનલાઈન પેશેન્ટ કન્સલ્ટિંગ, ડેટા એનાલિટિક્સ જેવા સેંગમેન્ટ હવે જોરદાર રીતે ઉભરી રહ્યા છે જેમાં સારી કમાણી થઈ રહી છે. નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આજે જે લોકો પોતાના કામને લઈને બોર થઈ જાય છે તે લોકો હવે આ પ્રકારના કારોબારમાં જઈ રહ્યા છે. તેમને હવે વધારે કમાણીની જરૂર ફેમિલી માટે થઈ રહી છે. જેથી ફ્રી લાન્સિંગ શરૂ કરવામાં આવે છે. ભારતમાં ફ્રી લાન્સ ટ્રેન્ડ ઝડપથી ક્રેઝમાં ફેરવાઈ રહ્યો છે. ભારતમાં અનેક લોકો ફ્રીલાન્સના કારણે તેમની નોકરી છોડી ચુક્યા છે. તેમાંથી કેટલાક તો હવે ફ્રી ટાઈમ ઉદ્યોગ સાહસી બની ગયા છે. કેટલાક સફળ લોકોની વાત કરવામાં આવે તો આ વાત જાણી શકાય છે. દેશના આજે ટોપ સ્તર પર પહોંચેલા લોકો આ બાબતને લઈને ગર્વ સાથે વાત કરતા નજરે પડે છે. શીતલ કપુર નામની હાઉસ વાઈફની વાત કરવામાં આવે તો તેઓ પંજાબ યુનિવર્સિટીમાંથી ગ્રેજુએટ કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૦માં બાદથી તેઓ ફ્રીલાન્સ ક્ષેત્રમાં આવી ગયા હતા. ત્યારબાદ તેમની બોલબાલા સતત વધતી ગઈ હતી. પહેલા ભારતીય એથનિક અને ઓનલાઈન ફ્યુજન એન્ડ ફેશન વિમેનવેર વેચવાની શરૂઆત થઈ હતી. આજે તેમની માસિક ઓનલાઈન અને ઓફલાઈન સેલ્સનો આંકડો ૨.૫ લાખ પીસથી વધારે છે. ૨૦ વર્ષ સુધી હાઉસ વાઈફ રહ્યા બાદ શીતલે કારોબારની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૯માં ઈબે પર વસ્ત્રોનુ વેચાણ કરવાની શરૂઆત કરી હતી. તેઓ ગ્રાહકોની પસંદગી મુજબ કસ્ટમાઈઝ્ડ કટ અને ફિટિંગ્સ મુજબ વસ્ત્રોનુ વેચાણ કરે છે. વર્ષ ૨૦૧૨માં જ્યારે ઈ-કોમર્સ બુમ આવી ત્યારે ફ્લિપકાર્ટ, મિંત્રા, જબોન્ગ સાથે જોડાઈ ગયા હતા. આજે તેઓ ઓનલાઈન અને ઓફલાઈન બનંને રૂટ પર પ્રોડક્ટસ વેચે છે. શીતલ મહિલાઓ માટે આજે સ્ટોલથી લઈને દુપટ્ટા, કુરતા અને ગાઉનનુ વેચાણ કરે છે. તેમનુ કહેવુ છે કે કારોબાર સતત વધી રહ્યો છે જેના કારણે તેઓ ખુશ છે. બિઝનેસ ફંડાની વાત કરવામાં આવે તો આજે તેમની પાસે ૪૦ સ્ટોર છે. તમામ સ્ટોર એવી જગ્યાએ ખોલવામાં આવ્યા છે જે મહિલાઓને ફેશન પસંદ સ્થળ છે. સાથે સાથે ફેશનેબલ વસ્ત્રો ખરીદવા માટે પૈસા છે. આવી જ રીતે એડવાન્સ્ડ મલ્ટી મિડિયામાં ડિગ્રી ધરાવનાર ૩૧ વર્ષીય નંદિતા દાસ પણ રોલ મોડલ તરીકે છે. નંદિતા દ્વારા વર્ષ ૨૦૧૨માં ફ્રી લાન્સની શરૂઆત કરવામાં આવ્યા બાદ આજે કોયુનિકેશન મેનેઅલ, વેબસાઈટ, પેકેજિંગ અને લેબલ ડિઝાઈન્સની સાથે શરૂઆત કરી હતી. આ તમામ પ્રકારના કામોના કારણે તેમને ૮૦૦૦ રૂપિયાથી લઈને ચાર લાખ રૂપિયા સુધીની આવક થાય છે. ઈલેસ્ટ્રેટર, વેબ ડેવલપર અને પેકેજિંગ ડિઝાઈનર તરીકે તેમની માંગ આજે સતત વધી રહી છે.

આજે ફ્રી લાન્સના સમયમાં આવા અનેક ઉદ્યોગ સાહસિકો છે જે અન્યો માટે પ્રેરણા સમાન બની રહ્યા છે. સાથે સાથે આવક પણ અનેક ગણી મેળવી રહ્યા છે. તેમની આવક નોકરી કરતા વધારે થઈ ગઈ છે.

ભારતમાં આશરે ૧.૫ કરોડ ફ્રીલાન્સર છે

ભારત ફ્રીલાન્સિંગનુ મોટુ કેન્દ્ર

અમેરિકા બાદ ભારત દુનિયામાં ફ્રીલાન્સિંગના બીજા સૌથી મોટા કેન્દ્ર તરીકે છે. હાલમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં આશરે ૧.૫ કરોડ ફ્રીલાન્સરો રહેલા છે. આમાંથી તમામ લોકો હોમ જેનરેટેડ પ્રોજેક્ટ પર કામ કરે છે. કેટલાક લોકો અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયાના ક્લાઈન્ટો માટે પણ કામ કરે છે. સર્વેમાં દાવો કરવામા આવ્યો છે કે ભારતમાં એક સારા ફ્રીલાન્સર એક



કલાકમાં ૨૦ ડોલરની કમાણી કરે છે. વેબ એન્ડ મોબાઈલ ડેવલપમેન્ટ, વેબ ડિઝાઈનિંગ, ડેટા એન્ટ્રી અને ઈન્ટરનેટ રિસર્ચ તેમજ કન્સલ્ટસી જેવા ક્ષેત્રોમાં આજે સારી કમાણી નોકરી સિવાય થઈ રહી છે. રેઝ્યુમ લખવાની બાબત, કુકિંગ રેસિપી, ઓનલાઈન ભારત નાટ્યમ કોર્સ ભણાવવા, ઓનલાઈન પેશેન્ટ કન્સલ્ટિંગ, ડેટા એનાલિટિક્સ જેવા સેંગમેન્ટ હવે જોરદાર રીતે ઉભરી રહ્યા છે જેમાં સારી કમાણી થઈ રહી છે.મિડિયાના ક્ષેત્રમા પણ હવે લોકો નોકરી છોડીને ફ્રીલાન્સના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. આગામી દિવસોમાં ફ્રીલાન્સની બોલબાલા વધી શકે છે. કારણ કે દરેક વ્યક્તિ આધુનિક સમયમાં સારી અને વધારે કમાણી કરવા માટે ઈચ્છુક છે. ઓછા સમયમાં વધારે કમાણી કઈ રીતે કરી શકે તે દિશામાં લોકો હવે આગળ વધી રહ્યા છે. પોતાના પરિવારને પૂર્ણ સમય આપવામાં પણ લોકો વિશ્વાસ રાખે છે. આવી સ્થિતીમાં નોકરી છોડીને જુદા જુદા ક્ષેત્રમાં ફ્રીલાન્સનુ કામ હવે લોકો કરવા લાગી ગયા છે. ખાસ કરીને મહિલાઓ પણ આ દિશામાં ઝડપથી આગળ વધી ચુકી છે. ભારતમાં જે ૧.૫ કરોડ ફ્રીલાન્સર છે તેમની સંખ્યામાં એકબે વર્ષમાં અનેક ગણો વધારો થઈ શકે છે. અમેરિકામાં પણ આ સંખ્યામાં વધારો થઈ શકે છે. ભારતના લોકો બહારના લોકોના પણ કામ ફ્રી લાન્સ તરીકે કરી રહ્યા છે.

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
શું આપ નાણા રોકાણ અંગે મૂંઝવણ અનુભવો છો?
ગુંજવણ ભરી યોજનાઓ માંથી શ્રેષ્ટ પસંદગી ૩બરૂ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત છે
SIP | Fixed Income | MF
ફક્ત એક ફોન કોલ દ્વારા
Sepunj Kapadia
+91- 93747 26576

કંપની માન્ય ઓથોરાઈઝ શો-રૂમ
મારૂતિ ઈલેક્ટ્રોનિક્સ
અમારૂ લક્ષ્ય : BEST PRICE - BEST PRODUCT - BEST SERVICE
SAMSUNG SONY HITACHI IFB Whirlpool LG LLOYD MITSUBISHI ELECTRIC BLUE STAR Panasonic BOSSH NATRAJ Haier Carrier VIVO oppo MAHARAJA WHITELINE
0 % ફાઈનાન્સ ઉપલબ્ધ
હવે ભરૂચ જીલ્લાના ગ્રાહકોને સુરત,બરોડા જવાની જરૂર નહિં રહે
BAJAJ FINSERV CAPITAL FIRST HDB FINANCIAL SERVICES
ઓન લાઈન કરતા ઓછા ભાવની ખાત્રી
દરેક ઈલેકટ્રોનિકસ બ્રાન્ડ એક જ સ્થળે
હાજીમંજુલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અંકલેશ્વર
ફોન : 02646 - 244710
જીવનદીપ આર્કેડ,એશીયન પેઈન્ટસ ચોકડી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર ફોન:૦૨૬૪૬-૨૨૨૭૧૦
હેલ્પલાઈન નંબર : 7043191283

દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497
રાધે ડેરી ફાર્મ
આ પ્રસંગે સરસ્વતિ યાત્રાની પૂર્ણાહુતિ પણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે કરવામાં આવી હતી. ડો.જેસ્વાણી લીખીત કેળવણીના મહાયજ્ઞ નામના પુસ્તકનું વિમોચન પણ મંત્રી ના હસ્તે કરવામાં આવ્યું હતું. શાળામાંથી અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ઉચ્ચ ડીગ્રી હાંસલ કરી નડિયાદમાં જ સેવા આપનાર ડો. બિરજુ શાહ, ડો. સ્નેહલ શાહ, ડો.ઉત્કર્ષ ખત્રીનું શાલ, મોમેન્ટો આપી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

સમારંભની શરૂઆતમાં ડો.કે.ડી.જેસ્વાણીએ સૌનું સ્વાગત કરી સંસ્થાની કામગીરીથી માહિતગાર કર્યા હતા. જ્યારે અંતમાં આભાર વિધિ પ્રિન્સિપાલ જયેન્દ્રભાઇ દવેએ કરી હતી. આ સમયે કરમસદ સંતરામ મંદિરના પૂ.મોરારીદાસ મહારાજ, સાંસદ દેવુંસિંહ ચૌહાણ, રાજયસભાના સાંસદ લાલસિંહ વડોદરીયા, વિધાનસભાના મુખ્ય દંડક પંકજકુમાર દેસાઇ, સંસ્થાના મુમખ કે.ડી.જેસ્વાણી, ઉપપ્રમુખ નટુભાઇ પટેલ, અનુપભાઇ દેસાઇ, શાળાના પ્રિન્સીપાલ જયેન્દ્રભાઇ દવે, પ્રાયમરી વિભાગના અશ્રૂવિનભાઇ પંડ્યા, કલ્પનાબેન, સ્વામી મુદીતવંદનાનંદજી, ઇસરોના વૈજ્ઞાનિક ડો.પુનિત દિક્ષીત, પાલિકા પૂર્વ પ્રમુખ ડો.દૂર્ગાબેન જેસ્વાણી સહિત અનેક મહાનુભાવો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

વધુ એક સાધુએ ભગવો લજવ્યો, પરિણીતાને લઈને ફરાર

અમદાવાદ

કાલુપુરનું સ્વામિનારાયણ મંદિર ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે કાળુપુરનાં સ્વામિનારાયણ મંદિરનાં સ્વામી પરિણીતાને લઈને ફરાર થઈ ગયા છે. કાલુપુર સ્વામિનારાયણ મંદિરનાં સ્વામી માધવપ્રિયદાસ પરિણીતાને લઈને ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ છે. ડાંગરવા ગામની પરિણીતાને લઈને સ્વામી માધવપ્રિયદાસ ફરાર થઈ ગયા છે. સ્વામી માધવપ્રિયદાસ ગત તારીખ ૧ માર્ચનાં રોજ ડાંગરવા ગામની પરિણીતાને લઈને ફરાર થઈ ગયા છે. આ પહેલા સ્વામી માધવપ્રિયદાસનાં ગુરૂ સિદ્ધસ્વર ઉપર સિદ્ધપુર ગુરુકુળમાં બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનાં આક્ષેપો થતા હોબાળો મચ્યો હતો. સ્થાનિકોએ સિદ્ધસ્વરને ઢોર માર મારી પોલીસને હવાલે કર્યા છે. તો ગુરૂનાં રસ્તે ચાલતા સ્વામી માધવપ્રિયદાસ પણ ચાલ્યા છે અને તેઓ પરિણીતાને લઈને ફરાર થઈ ગયા છે. પરિણીતા સાથે આંખ મળી જતા સ્વામી પોતાનો ભગવો પણ ભૂલી ગયા હતા. સાધુત્વને લજવી અને સેહ-શરમ છોડીને પરિણીતા સાથે ફરાર થઈ ગયેલા સ્વામી માધવપ્રિયદાસ પર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.

ગોલ્ડ લોન સ્કીમમાં કરોડોના મૂડી રોકાણ સાથે સરથાણાનું ઠગ દંપતી છૂમંતર

ઉંચા વળતરના લોભમાં મૂડી રોકાણ કરનાર અનેક લોકોમાં છેતરાયા : યોગીચોક ખાતેની ઓફિસ બંધ કરી દેવાતા રોકાણકારો પોલીસ મથકે દોડી ગયા

સુરત

ગોલ્ડ સ્કીમના નામે કરોડો રૂપિયાનું રોકાણ દંપતી મેળવી ભાગી છૂટેલા બે વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે રૂા. ૨.૧૦ કરોડની ઠગાઈ કર્યાની ફરિયાદ દર્જ થઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જૂનાગઢની વિસાવદરના વતની અને મોટા વરાછા રાધે રેસિડેન્સીમાં રહેતા કાપડ વેપારી ગાંડુભાઈ ઉકાભાઈ વૈભવએ આરોપી હમવતની રજની બટુકભાઈ લાખાણી, જલ્પાબેન રજનીભાઈ લાખાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી દંપતીએ ફરિયાદી સહિતના રોકાણકાર લોકોને ગોલ્ડ લોનમાં રોકાણ કરી દોઢ ગણો લાભ મેળવવાની લાલચ આપી અંદાજે રૂપિયા ૨,૧૦,૫૦,૦૦૦ રોકાણની નામે રૂપિયા મેળવી યોગી ચોક ખાતેની ઓફિસ બંધ કરી આ ઓફિસ દંપતી ફરાર થઈ ગયું હતું. ફરિયાદી સહિતના લોકોને ઠગાઈ હોવાનો અહેસાસ થતાં તમામ લોકો સરથાણા પોલીસ મથકે ઘસીગ યા હતા. અને આરોપી દંપતી વિરુદ્ધ વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે પીએસઆઈ એ.એલ. પરમારે તપાસ હાથ ધરી છે.

એ.કે. રોડ પર ઉભેલી ટ્રકમાં આગ લાગી

સુરત

આજે મળસ્કે એ.કે. રોડ ખાતે પાર્ક કરેલ આઈશર ટ્રકમાં અચાનક શોર્ટસર્કિટથી આગ લાગી હતી. આગના લીધે ટ્રકના આગળના બન્ને વ્હીલ સળગી ગયા હતા.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે મળસ્કે સાડા બાર વાગ્યાના સુમારે એ.કે. રોડ સંદેશ પ્રેસની જૂની ઓફિસ પાસે રસ્તાની વચ્ચે પાર્ક કરેલ આઈશર ટ્રકમાં આગ લાગી હતી. આગના લીધે ટ્રકના આગળના બન્ને વ્હીલ સળગી ગયા હતા. આગની જાણ થતા જ તાત્કાલિક ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રાથમિક રીતેઆગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનો અનુમાન છે. ટ્રક માલિક કલ્પેશ સોલંકી હોવાની માહિતી ફાયર સ્ટાફે આપી હતી. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ટ્રક ખાલી હતી અને રસ્તાની બાજુએ પાર્ક કરી હતી.

પોલીસ સ્ટેશનોની બહાર તહેનાત ‘ગનમેન’ ત્રણ જ દિવસમાં ગાયબ..!!

અમદાવાદ

ભારતે પાકિસ્તાન પર કરેલી એર સ્ટ્રાઇક બાદ બન્ને દેશો વચ્ચે તણાવપૂર્ણ માહોલ સર્જાતાં તમામ બોર્ડર પર લોખંડી સુરક્ષા ગોઠવી દેવાઇ છે ત્યારે આતંકી હુમલાની શક્યતાના પગલે ગુજરાત સહિતના પાંચ રાજ્યોમાં હાઇએલર્ટ જાહેર કરવામાં આવ્યુ હતું.

આંતકી હુમલાના પગલે પાંચ દિવસ પહેલાં અમદાવાદના તમામ પોલીસ સ્ટેશનોની બહાર રેતીની બોરીથી આડાશ બનાવીને બે પોલીસ કર્મચારીઓ બુલેટપ્રૂફ જાકિટ પહેરીને ૨૪ કલાક તૈનાત કરવાના આદેશ આપ્યા હતા. માત્ર ત્રણેક દિવસ સુધી પોલીસ કર્મચારીઓએ બુલેટપ્રૂફ જાકિટ પહેરી સુરક્ષા કરી પરંતુ અત્યારે પરિસ્થિતિ એવી છેકે રેતીની બોરીથી કરેલી આડાશમાં એક પણ સુરક્ષાકર્મી દેખાતો નથી. શહેરના મોટાભાગના પોલીસ સ્ટેશનમાં સુરક્ષા માટે ગોઠવાયેલા પોલીસ કર્મચારીઓ ગુમ થઈ ગયા છે.

ગુજરાતમાં હાઇએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેના ભાગ રૂપે અમદાવાદ પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે, આ પ્લાન અંતર્ગત દરેક પોલીસ સ્ટેશનમાં હથિયારધારી ગાર્ડ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આંતકી હુમલો કે પછી અન્ય કોઇપણ આત્મઘાતી હુમલો થાય ત્યારે પોલીસ સ્ટેશન પર કોઇ સંકટ આવે નહી તે માટે હથિયાર અને બૂલેટપ્રુફ જેકેટ-હેલ્મેટ સાથે પોલીસ સ્ટેશનમાં તેનાત કરવામાં આવ્યા હતા. પોલીસની આ કામગીરી લોકોએ વખાણી હતી પરંતુ હવે સ્થિતીજ બદલાઇ ગઇ છે.

હાઇએલર્ટના પગલે હજુ પણ આંતકી હુમલો થવાની ભીતી છે ત્યારે રેતીની બોરીથી બનાવેલ બંકર પાછળ મુકેલા સુરક્ષા જવાનો ગાયબ થઇ ગયા છે. અમદાવાદના મોટાભાગના પોલીસ સ્ટેશનમાં ચેક કરતા જાણવા મળ્યુ છેકે હથીયારધારી સુરક્ષા જવાનો ગાયબ છે.

વિદ્યાર્થી ઉત્તરવહી પર પ્રતિક દોરશે કે ચલણી નોટ મૂકશે તો કાર્યવાહી કરાશે

પરીક્ષાને લઈને બોર્ડે માર્ગદર્શિકા જાહેર કરી

વડોદરા

૭ માર્ચથી ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થશે. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ કેટલીક બાબતોનું ખાસ ધ્યાન આપવું જરૂરી છે. બોર્ડની પરીક્ષા દરમિયાન પેપરમાં શું લખાય છે, પેપર આપતાં વર્તણૂંક કેવી રાખવી અને શું કરવાથી બોર્ડની કમિટી સમક્ષ હાજર રહેવાનો વારો આવી શકે છે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકામાં ૩૨ મુદ્દા આવરી લેવાયા છે. આ મુદ્દાઓમાં જો વિદ્યાર્થી ઉત્તરવહી પર ભગવાન કે અન્ય કોઈનું નામ લખે કે કોઈ પણ પ્રકારના પ્રતિક કે વિશેષ અંકનો ઉપયોગ કરે, ઉત્તરવહીને નિયત દોરાથી ન બાંધે તો પણ શિસ્તભંગ અંતર્ગત બોર્ડની કમિટી સમક્ષ સુનાવણીમાં હાજર થવું પડશે.

વિદ્યાર્થી સ્ટિકર લગાવવાનો પ્રયાસ કરે તો તેની પરીક્ષાનું પરિણામ રદ થશે. આ ઉપરાંત પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ જાતે જ પોતે જે બેન્ચ પર બેસીને પરીક્ષા આપે છે, તેના પર કોઈ જાતનું લખાણ હશે, તો તેનું ધ્યાન ખંડ નિરીક્ષકને દોરવાનું રહેશે. કારણ કે, જો આવા સાહિત્યમાંથી લખ્યું હશે, તો પરિણામ રદ કરીને બીજી વાર પરીક્ષા આપવા ન મળે તેવી સજા છે. આ જ સજા જવાબવહી સાથે ચલણી નોટો જોડવા કે મૂકવા સામે પણ છે. આ ઉપરાંત સરનામું લખે કે પરીક્ષાર્થીએ પોતાને પાસ કરતું લખાણ લખ્યું હશે તો તે વિદ્યાર્થીનું પરીક્ષાનું પરિણામ રદ કરાશે.

આ વર્ષથી બોર્ડે જાહેર કરેલા નવા નિયમો મુજબ બોર્ડની પરીક્ષામાં ગોપનિયતાના નિયમના ભંગ બદલ ૩ વર્ષની જેલની સજા અને રૂ.૨ લાખનો દંડ થશે. આ ઉપરાંત પરીક્ષાલક્ષી સાહિત્ય સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે દેખાય તે રીતે સ્થળ સંચાલકની હાજરીમાં ખોલવું, ઓળખપત્રો સાથે રાખવાં અને જે શાળામાં પરીક્ષા હશે તે શાળાના સંચાલક કે કોઈ પણ સ્ટાફ ત્યાં ફરજ નિભાવી શકશે નહીં જેવા નવા નિયમો જાહેર કરાયા છે. આ નિયમોને ૧૯૭૨થી કલમ ૪૩ના અન્વયે લાગુ પાડવામાં આવ્યા છે.

નિયોલમાં જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

કડોદરા

કડોદરા પોલીસે નિયોલ ગામના હળપતિવાસમાં એક ઘરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા પાંચ જુગારીઓને રૂા. ૩૭ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરા પોલીસે મળેલ બાતમીના આધારે નિયોલ ગામના હળપતિવાસમાં દરોડો પાડી દશરથ રાઠોડના ઘરના વાડામાં ઝાડની નીચે ગંજીપાનાનો જુગાર રમતા પરેશ પીઠાભાઈ હડીયા રહે. ગોડાદરા ગુનાભાઈ જીનાભાઈ વાણીયા રહે. પુનાગામ અલ્પેશ મતાભાઈ હડીયા રહે. ગોડાદરા સુનિલ રોહીદાસ કોળી રહે. લીંબાયત જીગ્નેશ રવજીભાઈ કાનાણી રહે. સુરતનાઓને પકડી પાડેલ છે અને દાવ પરના મૂકેલ રૂા. ૧૦,૧૪૦ તથા અંગઝડતી સહિતના કુલ્લે રૂા. ૩૭,૯૪૦ના મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાનુશાળી હત્યા કેસઃ છબીલ સાથે સતત સંપર્કમાં રહેલા યુવાનની ધરપકડ

કચ્છ

એસઆઈટીએ ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળી હત્યા કેસ મામલે ગાંધીધામમાં પ્રસાર માધ્યમો સાથે સંકળાયેલા મીઠુ ચૌહાણ નામના યુવાનને શંકાના આધારે ઉઠાવી લીધો છે. આ યુવાનની મુખ્ય આરોપી સાથે સોશિયલ મીડિયા દ્વારા સતત વાતચીત ચાલતી હતી અને બનાવના દિવસે પણ વાત થયાની આશંકા છે. આ મીડિયા કર્મી હત્યા કેસના મુખ્ય સુત્રધાર ગણાતા છબીલ પટેલ સાથે સતત ટેલિફોનિક સંપર્ક ચાલુ હોવાની શંકાના આધારે આ યુવાન સીટના રડારમાં આવ્યો હતો. પૂર્વ કચ્છની પોલીસે આ મામલે તપાસ કરી ખુલાસો કર્યો હતો કે, આ યુવાનનું અપહરણ કરાયું નથી, પણ સીટ પૂછપરછ માટે લઈ ગઈ છે.

આ મામલે આદિપુર પીએસઆઈ વી. આર. ડાંગરે જણાવ્યું હતું કે, મીઠુ ચૌહાણ નામના સ્થાનિક મીડિયા કર્મીના પરિવારજનોએ એની અપહરણની આશંકા દર્શાવતા શોધખોળ કરી હતી. તેવામાં તેને એસઆઈટીની ટીમ તપાસ માટે લઈ ગયાનું જાણવા મળ્યું હતું.

ગાંધીધામમાં પ્રસાર માધ્યમો સાથે સંકળાયેલા મીઠુ ચૌહાણનું રવિવારે અપહરણ થયાની વાત વહેતી થઈ હતી. જેને પગલે સ્થાનિક પોલીસ, મીડિયા જગતમાં મોડી સાંજ સુધી અનેક ચર્ચાઓ વહેતી થઈ હતી. તેવામાં મીડિયા કર્મીને એસઆઈટીની ટીમ તપાસ માટે લઈ ગઈ હોવાથી ઘટનામાં નાટકીય વળાંક આવ્યો હતો.

સ્વાઈન ફલૂનો હાહાકારઃ વધુ એકનું મોત, મૃત્યુઆંક ૭૧ પર

રાજકોટ

ગુજરાતમાં ફરી એકવાર સ્વાઈન ફ્લુએ ભરડો લીધો છે. એચવન એનવન, સાદી ભાષામાં જે સ્વાઈ ફ્લુ તરીકે ઓળખાય છે. હાલમાં સ્વાઈન ફ્લુએ રાજયના અમદાવાદ રાજકોટ અને વડોદરા શહેરમાં હાહાકાર મચાવ્યો છે. સ્વાઈન ફ્લુના સતત વધતા આંકડાને લઈને રાજ્યનું આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યુ છે. અને તેના સંબંધી વિવિધ કામગીરી કરાઈ રહી હોવાના દાવા કરી રહ્યુ છે. પરંતુ રાજકોટમાં તો જાણે સ્વાઈન ફ્લૂએ હાહાકાર મચાવ્યો છે. સ્વાઈન ફલૂથી રાજકોટના ૬૮ વર્ષીય વૃદ્ધાનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે, જેના બાદ કુલ મૃત્યુઆંક ૭૧ પર પહોંચ્યો છે.

રાજકોટમાં વર્ષ ૨૦૧૯ના પ્રારંભથી જ સ્વાઈન ફલૂના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ગત વર્ષ કરતા આ વર્ષે સ્વાઈન ફલૂના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષ ની વાત કરવામાં આવે તો અત્યાર સુધી ૭૧ લોકો સ્વાઈન ફલૂનો ભોગ બન્યા છે. ત્યારે સોમવારનો દિવસ રાજકોટમાં એક જ દિવસમાં ચાર દર્દીઓના મોત નિપજ્યા હતા. સ્વાઈન ફલુના વધતા કેસોને લઈને રાજકોટ મહાનગર પાલિકા અને ડીડીઓ દ્વારા શાળાના બાળકો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તાવ, શરદી, ઉધરસ જે બાળકોને હોય તેવા બાળકોને શાળામાં અલગથી બેસાડવાની સૂચના આપવામાં આવી છે.

નિયોલ ગામે સ્ટેટ મોનિટરીંગ સેલ પોલીસ પર બુટલેગર દંપતીનો હુમલો

હળપતિવાસના મકાનમાંથી દારૂનો જથ્થો પકડાયો

સુરત

કડોદરા જીઆઈડીસી નિયોલ ગામ હળપતિવાસમાં દારૂના અડ્ડા ઉપર દરોડા પાડવા ગયેલી સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ કર્મીઓ ઉપર બુટલેગરોએ હુમલો કર્યોહતો. સ્ટેટ મોનીટરીંગ સેલે બુટલેગર દંપતીની ધરપકડ કરી રૂા. ૧.૩૨ લાખનો મુદ્દામલ જપ્ત કર્યો હતો. ચાર જણાંને વોન્ટેડ જાહેર કરાયા હતા.

સ્ટેટ મોનીટરિંગ સેલે બાતમીના આધારે નિયોલ ગામ હળપતિવાસના બુટલેગરોને ત્યાં દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન બુટલેગરોએ પોલીસ ટીમ સાથે ઝપાઝપી કરી હતી. પોલીસ ઠાકોર દિનેશ રાઠોડ, દીપિકાબેન ઠાકોરની ધરપકડ કરી દારૂની ૪૮૫ બોટલ, રોકડા રૂા. ૬૪,૩૦૦, ચાર મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૧,૩૨,૬૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્ટેટ મોનીટરિંગ સેલે આરોપી ઠાકોર દીનેશ, દીપિકાબેન વોન્ટેડ જયંતી ઉર્ફે શંભુ શાંતિલાલ, સંજયુ, ભીખી મહેશ રાઠોડ, હરીશ બાબુ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ગૌરક્ષક પર થયેલ ફાયરિંગ કેસમાં નવો વળાંક, ફરિયાદ ખોટી

મોરબી

મોરબીમાં ગૌશાળાના સંચાલક પર ફાયરિંગ કેસમાં નવો વળાંક આવ્યો છે. કહેવાતા ગૌરક્ષકે જ ફાયરિંગની ઘટના ઉપજાવી કાઢી હતી અને ગેરકાયદે ચાલતી ગૌશાળા કોઈ ખાલી ન કરાવે તે માટે કારસો રચ્યો હતો. પોલીસે કહેવાતા ગૌરક્ષક દિનેશ લોરિયા સહિત ૪ શખ્સની ધરપકડ કરી છે અને આ મામલે વધુ પૂછપરછ હાથ ધરી છે.

આ ઘટના અંગેની મળતી વિગતો મુજબ ડિસેમ્બર માસમાં ગૌરક્ષક દિનશે લોરિયાએ સ્થાનિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા કહ્યું હતું કે, તેઓ જ્યારે પોતાની ગૌશાળાના દરવાજા પાસે પોતાની કારમાં બેઠાં હતા ત્યારે કેટલાક લોકોએ આવીને તેમના પર ચારેક જેટલા રાઉન્ડ ફાયર કર્યા હતા અને ત્યારબાદ નાસી ગયા હતા.

જો કે, આ ફરિયાદને લઈને સ્થાનિક પોલીસ ટીમે તપાસ હાથ ધરતા આ સમગ્ર બાબત ઉપજાવી કાઢી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ સાથે જે ફરિયાદીએ પોતે જ આ કારશો રચ્યો હોવાનું પણ તપાસમાં સામે આવતા મોરબી પોલીસે ગૌરક્ષક દિનેશ લોરિયા સહિત ૪ લોકોની તાત્કાલિક અસરથી ધરપકડ કરી હતી.

ટ્રકે બાઈકને ટક્કર મારતા ૨ યુવકોના ઘટનાસ્થળે મોત

અરવલ્લી

મહાશિવરાત્રી પર્વના સાંજના સુમારે મોડાસાથી માલપુર તરફ જઈ રહેલા બાઈકને ભેમપુર નજીક તખતગઢ કોલેજ સામે પાછળથી યમદૂત બની ત્રાટકેલી આઈસર ટ્રકના ચાલકે ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક અને પાછળ બેઠેલ બંને યુવકો રોડ સાઈડ ખાડામાં ખાબક્યા હતા. જેને કારણે બંને યુવકોનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતક યુવાનના મૃતદેહને માલપુર સરકારી દવાખાને ખસેડી અકસ્માત સર્જી ફરાર આઈશર ટ્રકના ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. અકસ્માતના પગલે માલપુર સરકારી દવાખાને દોડી આવેલા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ પર આઈશર ટ્રક ચાલકની બેદરકારીના લીધે બે યુવકોના મોત નિપજતા ભારે ગમગીની છવાઈ હતી. મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના બચકરીયા ગામના રણજિત ભાઈ (ઉં.વર્ષ-૨૫) અને કાળુભાઈ (ઉં.વર્ષ-૩૪) મોડાસા કામકાજ અર્થે આવી પરત વતન તરફ બાઈક લઈ તખતગઢ બીએડ કોલેજ પાસેથી પસાર થતા હતા. ત્યારે પાછળથી આઈસર ટ્રકના ચાલકે બેફિકરાઈ ભરી રીતે પુરઝડપે હંકારી બાઈકને પાછળથી ટક્કર મારતા બંને યુવકો આઈશરની ટક્કરે ગંભીર ઈજાગ્રસ્ત થવાની સાથે રોડ નજીક ખાડામાં ખાબકતા બંને યુવકોના ઘટનાસ્થએ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. માલપુર પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતકની લાશને પીએમ માટે ખસેડી ભીખાભાઈ મણિયાભાઈ ડામોર (રહે,બચકરીયા જીલ્લો. મહીસાગર) ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર આઈશર ટ્રકના ચાલકને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

ગયા ઉનાળામાં વીએમસીએ લીધેલ નર્મદાનાં પાણીનું ૭૪ લાખનું બિલ બાકી

વડોદરા

વડોદરામાં ગયા વર્ષે પણ આજવા સરોવરમાં પાણીની સપાટી ઘટી ગઈ હતી અને શહેરમાં પાણીની કટોકટી ઉભી થાય તેમ હોવાથી આજવામાં નર્મદાનું પાણી ભરવું પડ્યું હતુ. આ પાણી લેવા કોર્પોરેશનને રૂપિયા ડીપોઝીટ તરીકે પહેલા ભરવા પડ્યા હતા. ગયા ઉનાળામાંતારીખ ૧ મેથી તારીખ ૨૫ જૂન સુધી આશરે પોણા બે મહિના સુધી નર્મદાની બ્રાન્ચ કેનાલમાંથી પાણી લીધું હતુ.

આ પાણી દર ૧૦૦૦ લીટરે ત્રણ રૂપિયા ૧૪ પૈસાના ભાવે લીધું હતુ. જેનું કુલ બિલ બે કરોડ બાર લાખ આવ્યું હતુ. જેમાંથી રૂપિયા એક કરોડ ૩૮ લાખ પેમેન્ટ કરી દીધુહતુ. પાણી લેવા બદલ કોર્પોરેશનને રૂપિયા અગાઉથી ડિપોઝિટ તરીકે ભરવા પડ્યા હતા. જે તસલમાત લઈને ચૂકવાયા હતા. એ પછી સરદાર સરોવર નિગમ એ બાકી રૂપિયા ૭૩ લાખ ૮૩ હજારનું બિલ મોકલ્યુ છે.

સ્થાયી સમિતિમાં આ બિલનું પેમેન્ટ કરવા દરખાસ્ત રજૂ થઈ છે. દર એક હજાર લિટરે ત્રણ રૂપિયા ૧૪ પૈસાના ભાવને મંજૂરી આપી. આજ ભાવે ભવિષ્યમાં ફરી પાણી લેવાની જરૂર પડે તો તેને પણ મંજૂરી આપવા દરખાસ્તમાં ભલામણ થઈ છે. આ વખતે ઉનાળા પહેલા જ આજવા સરોવરની સપાટી ૨૦૩ ફૂટ થઈ જતા નર્મદાનું પાણી લેવાની જરૂર પડી છે.

ગયા વર્ષ કરતા આ વખતે સપાટી ત્રણ ફૂટ ઓછી હોવાથી પાણી લેવાની જરૂર ઊભી થતા તારીખ ૨ માર્ચથી નર્મદાની કેનાલમાંથી આજવા સરોવરમાં પાણી છોડવાનું નર્મદા નિગમની શરૂ કર્યું છે. રોજનું ૨૫૦ ક્યૂસેક પાણી છોડાય છે. જેનું રોજનું બિલ ૧૯ લાખ ૨૦ હજાર થશે અને મહિનાનું કુલ પેમેન્ટ પાંચ કરોડ ૯૫ લાખ થશે.

ચૂંટણીની જાહેરાત ગમે તે પળે, પીએમ મોદી-સીએમ રૂપાણીના કાર્યક્રમો રદ

ગાંધીનગર

૬ માર્ચ પછી ગમે ત્યારે લોકસભા ચૂંટણી જાહેર થઈ શકે તેવી શક્યતા હોવાથી વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના તમામ સરકારી કાર્યક્રમો કેન્સલ કરાયા છે. સંભાવના એવી છે કે ૭ માર્ચે જ લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ શકે છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના ૬ માર્ચ પછીનાં તમામ સરકારી કાર્યક્રમો સ્થગિત કરાયા છે. જેના પરથી ચર્ચાઈ રહ્યું છે કે, ૬ માર્ચ બાદ લોકસભા ચૂંટણી જાહેર થશે. લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં મે મહિનાનાં પ્રથમ સપ્તાહમાં મતદાન યોજાઈ શકે છે.

૭ કે ૮ માર્ચના રોજ લોકસભા ચૂંટણીની જાહેરાત થાય તેવી પૂરી શક્યતા છે. વડાપ્રધાન હાલ બે દિવસના ગુજરાતના પ્રવાસ તથા બપોર બાદ ઈન્દોરના પ્રવાસે છે. ત્યારે તેમના પ્રવાસ બાદ આ જાહેરાત થાય તેવી સંભાવાના છે. આ શક્યતાને પગલે ૬ માર્ચના રોજ મહાત્મા મંદિરમાં યોજનાર પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓનો સામૂહિક ગૃહ પ્રવેશ તથા અન્ય સરકારી કાર્યક્રમો પણ સ્થગિત કરી દેવાયા છે.

કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે એસટીની ચાર નવી બસ સેવા શરુ થતા આનંદ

સુરત, અમદાવાદ ,રાજકોટ જેવા મોટા શહેરોમાંથી સ્ટેચ્યુ જોવા આવતા પ્રવાસીઓ માટે એ.સી અને સ્લીપર કોચ બસ શરુ થતા લાંબી મુસાફરી કરતા મુસાફરોમાં આંદ

રાજપીપળા

નર્મદા જિલ્લો પ્રવાસન ક્ષેત્રે હરણફાળ પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલ ની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કારણે આજે નર્મદા જિલ્લાનું નામ વિશ્વભર માં જાણીતું થયું હોય એક બાદ એક અદ્યતન અને નવી બાબતે આ જિલ્લો પ્રગતિ તરફ છે ત્યારે હાલ ગુજરાત એસટી ભિાગ દ્વારા પણ ખાસ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ચાર નવી એસી અને સ્લીપર કોચ બસો શરુ કરામાં આી હોવાં રાજપીપળા એસટી ડેપોના મેનેજર એન એમ કલ્યાણી એ એક મુલાકાત માં જણાવ્યું હતું .

કલ્યાણી એ બસોની માહિતી આપતા જણાવ્યું કે સુરત રાજકોટ અને અમદાવાદ જેવા મોટા શહેરો માંથી સ્ટેચ્યુ પર આવતા પ્રવાસીઓ માટે ખાસ બસો શરુ થઈ છે જેમાં સુરત ડેપોથી ઉપડતી કેવડિયા ની બસ વાયા રાજપીપળા થઈ ને જશે જેનો સમય સુરતથી ઉપડેલી બસ રાજપીપળા સવારે ૯-૪૫ વાગે આવી કેવડિયાથી પરત રાજપીપળા ડેપો ૧૧-૪૫ એ આવશે ત્યારબાદ સુરત રવાના થશે જયારે અન્ય એક સુરત ડેપોની બસ સુરત કેવડિયા જે રાજપીપળા ડેપોમાં સાંજે ૫-૪૫ વાગે આવી કેવડિયા જશે એ પરત રાજપીપળા ડેપો માં સાંજે ૭-૪૫ વાગે આવી સુરત જશે આ બંને બસો ૨x૨ એ .સી.છે જયારે રાજકોટ ડેપો થી શરુ થયેલી બસ ૨x૨ એ.સી.સ્લીપર કોચ છે જે રાજકોટ વાયા નડિયાદ, આણંદ થઈ કેવડિયાથી રાજપીપળાની છે જે રાજકોટ થી રાત્રે ૧૦-૦૦ વાગે ઉપડી કેવડિયા થઈ સવારે ૭-૦૦ વાગે રાજપીપળા આવશે ત્યારબાદ રાત્રે ૯-૩૦ વાગે રાજપીપળા ડેપોથી કેવડિયા,નડિયાદ ,આણંદ થઈ રાજકોટ પરત જશે. જયારે અમદાવાદ ડેપોની રાણીપ અમદાવાદ કેવડિયા બસ અમદાવાદ થી સવારે ૫-૪૫ વાગે ઉપડી કેવડિયા આવશે જે સાંજે ૭-૦૦ વાગે પરત અમદાવાદ જશે .ત્યારે આ બસ ૨x૨ એ.સી.હોવાનું ડેપો મેનેજરે જણાવ્યું હતું.

રાજપીપળામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત નર્મદા જિલ્લાના લાભાર્થીઓનો સામૂહિક ગૃહપ્રવેશ

રાજપીપળા : ગ્રામ વિકાસ કમિશનરની કચેરી-ગાંધીનગર દ્વારા આયોજિત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) ના ૪૫ હજાર લાભાર્થીઓનો સામૂહિક–ગૃહ પ્રવેશ તેમજ મુખ્યમંત્રી ગ્રોમોદય યોજનાના બે લાખ લાભાર્થીઓનું ઉદ્યોગ સાથે જોડાણ અંતર્ગત જોબવર્ક અને નિમણૂંકપત્ર વિતરણના ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે તા.૬ ઠ્ઠી માર્ચ ૨૦૧૯ ને બુધવારના રોજ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ આ દિવસે બપોરે ૧-૩૦ કલાકે રાજપીપળામાં છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલય ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલના અધ્યક્ષસ્થાને અને વન અને આદિજાતિ વિકાસના પૂર્વ મંત્રી શબ્દશરણભાઈ તડવીના મુખ્ય મહેમાન પદે તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ દામાભાઈ વસાવા અને નાંદોદના ધારાસભ્ય પી.ડી. વસાવાના અતિથિ વિશેષપદે ઉક્ત કાર્યક્રમ યોજાનાર છે, તેમ જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એલ.એમ. ડીડોર તરફથી જણાવાયું છે.

સમગ્ર શિક્ષા અભિયાન કર્મચારી સંઘ નર્મદાના હોદ્દેદારોમાં જિલ્લા પ્રમુખ તરીકે હેમંત બારોટની નિમણુંક

રાજપીપળા : સમગ્ર શિક્ષા અભિયાન કરાર આધારિત કર્મચારી સંઘ નર્મદાની સ્થાપના થતા હોદ્દેદારોની વરણી કરવામાં આવી જેમાં સરકાર સામે પોતાની માંગોની રજુઆત કરવા તેમજ મળવાપાત્ર લાભો મેળવવા આગામી દિવસોમાં આવેદનો આપવાના હોય આજરોજ નર્મદા જિલ્લા ખાતે આ સંઘના નર્મદા જિલ્લા પ્રમુખ તરીકે હેમંત બારોટ ,તાલુકા પ્રમુખ તરીકે વાસુદેવ રાઠવા ,તાલુકા મંત્રી તરીકે સ્મિતાબેન વસાવાની નિમણુંક કરવામાં આવી છે ત્યારે સમગ્ર શિક્ષા અભિયાન કરાર આધારિત કર્મચારી સંઘ નર્મદા હવે તેમની



આ કર્મચારી સંઘની માંગણીઓ બાબતે જિલ્લા કલેક્ટરને આવેદન આપવાના કાર્યક્રમ પૂર્વે નર્મદા ભરૂચ સહિતના જિલ્લાઓમાં સંઘના હોદ્દેદારોની નિમણુંક થઈ હતી

માંગણીઓમાં સમાન કામ સમાન વેતન, જોબ સિક્યુરિટી , સરકાર તરફથી મળવા પાત્ર તમામ લાભો સહિતની માંગ સાથે જેતે જિલ્લાના કલેક્ટર ને આવેદન આપશે જેના માટે તમામ તૈયારી કરવામાં આવી હોવાનું જિલ્લા પ્રમુખ હેમંત બારોટે જણાવ્યું હતું.

ટ્રકને વીજતાર અડી જતા બે લોકોના મોત

સુરત

માંડવી તાલુકાના પુના ગામે હાઈટેન્શન વીજતાર સાથે ટ્રક અડતા પ્રસરેલા કરંટને કારણે બે વ્યકિતઓના સ્થળ પર જ મોત થયા હતા.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવી અનુસાર ગઈકાલે માંડવી તાલુકાના પુનાગામે ઉશ્કેર ફળિયાના રોડ પર શેરડી ભરેલી ટ્રકનો ઉપરનો ભોગ જીવંત હાઈટેન્શન વીજતારને અડતા આખી ટ્રકમાં કરંટ પ્રસર્યો હતો. જેના કારણે ટ્રકમાં સવાર મનીષભાઈ ભુપેન્દ્રભાઈ ગામીત (ઉ.વ. ૨૨) રહે. બાલપુર, તા. ડોલવણ જિ. તાપી તથા નીલેશભાઈ શંકરભાઈ વસાવા (ઉ.વ. ૨૨) રહે. ચીતલત્ર તા. ઉમરપાડા, સુરતના કરંટ લાગવાની સ્થળ પર જ મોત થયા હતા. જેની સાથે ઘટના બની તે ટ્રક પુના ગામે ઉશ્કેર ફળિયાના નીલેશભાઈ વીનુભાઈ ચૌધરીના ખેતરમાંથી શેરડી ભરી મઢી સુગર ફેક્ટરીમાં જવા નીકળી હતી. ત્યારે રસ્તામાં આ ઘટના સર્જાઈ હતી. સર્જાયેલા અકસ્માતના બનાવ અંગે ખેત મજૂર શાહીદ યુસૂફ ગજીયા રહે. સુરતીજાપા, ખત્રીવાડ, તા. બારડોલી, જિ. સુરતએ માંડવી પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘરના સ્થળે પહોંચી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

નર્મદા બંધ ખાતે પ્રવાસીઓ પાસે પાર્કિંગની પણ ફી વસુલાતા રોષ : ફી રૂ.૩૦, ૧૫૦ થી ૩૦૦ સુધી વસૂલાય છે

નર્મદા નિગમ, svprat અને SRP પણ ફી ઉઘરાવે છેઃ પ્રવાસીઓ પર વધુ બોજ



સરકારી એજન્સીઓએ ફી ઉઘરાવાનું શરૂ કરી દીધું પરંતુ કેવડિયા ગામે ઠરાવ ક્યો તેનું શું ?

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓની ભીડ વધતા છેલ્લા ૪ મહિનામાં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા જયારે ૨૪ કરોડ થી વધુની આવક થઈ રહી છે ત્યારે ૩૮૦ ની ટિકિટ માં પ્રવાસીઓ બૂમો પાડી રહ્યા છે ત્યારે હવે ૩ માર્ચ થી વધુ એક બોજ પ્રવાસીઓ પર નાખવામાં આવી રહ્યો છે જેમાં પ્રવાસીઓની ગાડીઓ આવે છે જેને પીઆરઓ કચેરી પાસે મૂકી સ્ટેચ્યુની બસમાં જવાનું હોય છે ત્યારે પીઆરઓ કચેરી પાસે અને પાર્કિંગની મુશ્કેલીમાં SRP ગ્રુપ દ્વારા પણ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી જેમાં કાર ના ૨૦ રૂપિયા ઉઘરાવવા માં આવી રહ્યા છે જયારે જે લોકો સીધા સ્ટેચ્યુ પર ગાડી, બસ, લઈને જાય છે તેમણે પણ હેલીપેડ પર પાર્કિંગ કરવાનું હોય છે અહીયા પ્રવાસીઓને ૧૫૦ થી ૩૦૦ સુધી પાર્કિંગ ચૂકવવું પડે જેથી પ્રવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.

પ્રવાસીઓ સ્ટેચ્યુ જોવાની ટિકિટ લે છે અને બસમાં જવાની પણ ટિકિટ લેછે હવે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ અને નર્મદા નિગમ બન્ને દ્વારા નક્કી કર્યું છે કે જેતે પાર્કિંગ પોઈંટ છે જ્યાં પાર્કિંગની ફી લેવાઈ, જયારે SRP ગ્રુપ એ પણ પીઆરઓ કચેરી પાછળ ખુલ્લી તેમની જગ્યામાં પાર્કિંગ પોઈંટ શરૂ કરી પ્રવાસીઓ પાસે ફી વસુલલાત શરૂ કરી છે ત્યારે હવે આ પ્રવાસન સ્થળ પર પ્રવાસીઓની સંખ્યા વધતા લૂંટવાનું કામ સરકાર કરી રહી હોવાનું જણાવી પ્રવાસીઓમાં નારાજગી વ્યાપી છે.

કરજણમાં પીર કયામુદ્દીન દાદા ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત ગૌશાળાનું ગુરુવારે લોકાર્પણ

રાજ્યપાલ કોહલી, સંત મોરારિબાપુ, વૈષ્ણચાર્ય દ્વારકેશ લાલ અને સાંસદ અહેમદ પટેલ ઉદ્ઘાટન સમારંભમાં હાજરી આપશે

સુરત

૭મીએ દેશમાં ઈતિહાસ રચાશે, કોઈ મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા ગૌશાળા બનાવવામાં આવી હોય તેવો પ્રથમ પ્રસંગ હશે. ૭મી માર્ચે કરજણ નજીક પિંગલવાડા ગામે પીર કયામુદ્દીન દાદા ટ્રસ્ટ દ્વારા નિર્મિત ગૌશાળાનું ઉદ્ઘાટન થશે. રંગફાર્મ વનસરંક્ષક કચેરીની બાજુમાં, પાદરા ખાતે આ ઉદ્ઘાટન સમારોહ બપોરે ૧:૩૦ કલાકે યોજાશે. ગૌશાળાનું ઉદ્ઘાટન ૭ માર્ચે બપોરે ૧-૩૦ કલાકે કરજણના પિંગલવાડા ગામે પ્રસિધ્ધ સંત કથાકાર મોરારિબાપુના હસ્તે થશે. પાદરાના રંગફાર્મ ખાતે બપોરે ૨ કલાકે ઉદ્ઘાટન સમારોહ યોજાશે. સમારોહમાં રાજયપાલ ઓ.પી. કોહલી, સંત મોરારિબાપુ, વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલ મહારાજ, ગુણવંત શાહ અને રાજયસભાના સાંસદ અહેમદ પટેલ હાજરી આપશે. આ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનારા કોમી એકતા અને સદ્ભાવના અનેરા સમારોહમાં મોટામિયાં માંગરોળ એકલબારા - પાદરાની ગાદીના ગાદીપતિ - સજજાદાનશીન કદિરબાવા પિરઝાદા અને ઝઘડિયા ગાદીના ગાદીપતિ રફીકબાવા પિરઝાદા હાજર રહેશે. હઝરત પીર મોટા મિયાં બાવા(મતાઉદીન બાવા)એ જીવનભર 'ઘેરઘેર ગાયો પાળવા, વ્યસન મુકત સમાજ, કોમી એકસંપી અને ભાઈચારાનો સંદેશો ફેલાવ્યો હતો.

ગુજરાતમાં ગામે ગામ ફરી આ સંદેશો પહોંચાડવાનું કામ હવે તેમના પુત્રો કદિરબાવા પિરઝાદા અને રફિકબાવા પિરઝાદા કરી રહ્યહયા છે. પીર મોટા મિયાં બાવા પછી છોટાઉદેપૂરના નિઝામુદ્દીન બાવા અને તે પછી કયામુદ્દીન બાવાએ ફેલાવેલા સંદેશાને કદિરબાવા પિરઝાદા અને રફિકબાવા પિરઝાદા એક દૃષ્ટાંત તરીકે રજૂ કરી રહયા છે. પિરકયામુદ્દીન દાદા ગૌશાળા ટ્રસ્ટ દ્વારા નિર્માણ થયેલી ગૌશાળાનું વિચારબીજ પૂજયસંત કથાકાર મોરારિબાપુએ દાન કરેલા ૧૧ હજારના દાનથી રોપાયું હતું. તે સમયે દ્વારકેશલાલ મહારાજે ૨૧,૦૦૦ રૂપિયા અને રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલે ૧૦ લાખ રૂપિયાનું માતબર દાન જાહેર કર્યુ હતું. નાનકડા વિચારબીજમાંથી શરૂ થયેલ ગૌશાળાના વિચારને કદિર બાવા પિરઝાદા, જશપાલસિંહ અને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ બાબુભાઈ કે. રાયકા (એડવોકેટ) નિર્મલભાઈ વખારીયા, ભરતભાઈ શાહ (સરગમ), ઠાકોર પુષ્પરાજસિંહ તથા ઠાકોર રાજેન્દ્રસિંહએ વિશાળ વટવૃક્ષ બનાવ્યું છે. આ સમારોહમાં ડૉકટર અરહમભાવા પિરઝાદા પણ ઉપસ્થિત રહેશે.

વરેલી ગામે લાકડાની કેબીનમાં છૂપાવેલો દારૂનો જથ્થો પકડાયો

વરેલી અને હરીપુરાના બે બુટલેગરો ફરાર

કડોદરા

વરેલી ગામની સીમમાંથી કડોદર પોલીસે રૂા. ૬૭૦૦૦ની કિંમતનો વિદેશી બોટલ દારૂનો જથ્થો ઝડપી પાડી નાસી છૂટેલા બે બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત બપોરે કડોદરા પોલીસ સ્ટાફ કડોદરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ બાતમીના આધારે વરેલી ગામની સીમમાં ગગન મિલ તરફ જતા રસ્તા પાસે એક લાકડાની કેબીનમાં તપાસ કરતા કેબીનમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂની જુદા જુદા બ્રાન્ડની બોટલો સીલબંધ પુઠાના બોક્સ નંગ ૧૪ કુલ બાટલી નંગ-૬૭૨ કિ. રૂા. ૬૭૨૦૦નો મુદ્દામાલ કબજે લઈ નાસી છૂટેલ બુટલેગર સતીષ વજીરભાઈ ઢોડાઈભાઈ યાદવ રહે. વરેલી શાંતિ પેલેસ તથા જયંતી ઉર્ફે શંભુ શાંતિલાલ કલ્યાણજી ઢીમ્મર રહે. હરીપુરાનાને વોન્ટેડ જાહેર કર્યા છે.

વેડરોડ પ્રણામી કોમ્પ્લેક્સમાં જુગાર રમતા ૯ જુગારી પકડાયા

સુરત

વેડરોડ પ્રણામી કોમ્પલેક્ષના પહેલાં માળે ધમધમતી જુગારની કલબ ઉપર કતારગામ પોલીસે દરોડા પાડી નવ જુગારીની ધરપકડ કરી હતી પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂા. ૨.૭૩ લાખ કબજે કર્યા હતા.

કતારગામ પોલીસે બાતમીના આધારે પ્રણામી કોમ્પલેક્ષમાં આવેલી બાપા સીતારામની ઓફિસમાં દરોડા પાડયા હતા. જુગારની કલબ કાળીદાસ પરમાર, જયસિંગ ઉર્ફે કાલુ કેશવ વાઢેળની ધરપકડ સાથે રણજીત ગોવિંદ રાઠોડ, સંજય મૂળજી મહેતા, જિતેન્દ્ર રામકિશોર શિવહરે, મોહન ગોવિંદ જાદવ, વિજય ખોડા પટેલ, મનોજ મોહન કોટકની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂા. ૨,૭૩,૧૪૦ કબજે કરી તમામ જુગારી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સુરતના દંપતીએ એમેઝોન ઈન થકી ઈ-કોમર્સમાં ઝંપલાવી સિદ્ધિ મેળવી

એમેઝોનનો સેલર પ્રોગ્રામમાં લખલૂટ કારોબાર

સુરત

સુરતમાં સ્થિત વુમન્સ ફેશન કેટેગરી હેઠળ ઊમ્ફ! બ્રાન્ડ નામ હેઠળ એપરલ વેચતું એમેઝોન.ઈન પરનું વિકેતા દંપતી વિકાસ ચૌધરી અને પૂનમ અગરવાલ આઈઆઈએમ ગ્રેજ્યુએટ્સ છે અને અગ્રણી મેનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપનીમાં કામ કરે છે. વિકાસ અને પૂનમ તેમના વહાલા જીવનથી જ વેપાર સાહસિકતા આકાંક્ષાઓ ધરાવે છે અને તેમણે કોઈક દિવસ પોતાનો ધંધો શરૂ કરવાનું તેમણે અગાઉથી જ નક્કી કર્યું હતું. આવા સંજોગોમાં ઈ-કોમર્સ ઉદ્યોગની સુવિધા અને તેની ઓફરોની પસંદગીની સંભાવનાઓને ઓળખીને તેમણે ઈ-કોમર્સમાં પોતાનો પ્રવાસ શરૂ કરવાનું નક્કી કર્યું હતું. આ પછી ભરપૂર વિચાર કરીને તેમણે સૌપ્રથમ ઓફર તરીકે સાડી સાથે શરૂઆત કરીને ઈ-કોમર્સ ઉદ્યોગમાં ફેશન ક્ષેત્ર પસંદ કર્યું હતું. તેઓ પોતાના આ સાહસિક પ્રવાસને જોરશોરથી શરૂ કરવા માટે તેમનું મૂળ મુંબઈથી સુરતમાં ખસેડ્યું.

તેમણે રિટેઈલ બૂસ્ટ નામે કંપની સાથે ૨૦૧૬માં તેમનો ઈ-કોમર્સ પ્રવાસ શરૂ કર્યો. તેમણે ગુણવત્તાયુક્ત પ્રોટક્ટ્સ અને સ્પર્ધાત્મક પ્રાઈસિંગનું વચન આપીને ડિઝાઈનર સાડીઓ સાથે ઊમ્ફ! બ્રાન્ડ લોન્ચ કરી. ૨૦૧૬માં તેઓ એમેઝોનના સેલર પ્રોગ્રામમાં જોડાયાં અને ત્યાર પછી તેમને ક્યારેય પાછળ વળીને જોવાનો વારો આવ્યો નથી.

તેમણે પ્રથમ થોડા વસમાં દિવસનાં ૧૦ યુનિટ્સનાં વેચાણ પરથી હાલમાં તેઓ દિવસમાં ૧૫૦૦ યુનિટ્સ વેચીને વુમન્સ એથનિક વેર કેટેગરીમાં દ્વિતીય સ્થાન ધરાવે છે. તેમણે આ પછી કુરતી, ડ્રેસ મટીરિયલ, લેંઘા, ચોળી, ટોપ્સ અને ડ્રેસીસ જેવી એથનિક વેર અને વેસ્ટર્ન વેર કેટેગરીઓમાં પણ તેમના પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું.

જળસંકટ...રાજ્યનાં ૨૦૩ ડેમોમાંથી ૧૧૩ તળિયાઝાટક

અમદાવાદ

ગુજરાતમાં ઉનાળા દરમિયાન જળસંકટના એંધાણ દેખાઈ રહ્યા છે. કારણ કે રાજ્યના ૨૦૩ ડેમમાંથી ૧૧૩ ડેમ ખાલી છે અને જે ખાલી થવાની તૈયારીમાં છે. તેવાં જળાશયોમાં માંડ ૧૦ ટકા પાણી છે. જયારે ૬૫ ડેમોમાં ૫૦ ટકાથી ૧૦ ટકા વચ્ચે ભરેલા છે. રાજયના લોકો માટે એ રાહતની વાત છે કે સરદાર સરોવર ડેમમાં વર્ષ ૨૦૧૮ની સરખામણીમાં આ વર્ષે ૮.૮ ટકા વધારે પાણી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સરદાર સરોવર ડેમમાં ૯૪૬૦ એમસીએમ પાણીની ક્ષમતાની સામે શુક્રવાર સુધી ૪.૩૦૫ મિલિયન કયુબિક મીટર પાણી હતું.

વર્ષ ૨૦૧૮ની પહેલી માર્ચે સરદાર સરોવરમાં ૩૪૭૨ એમસીએમ પાણી હતુ. જે આ વર્ષની સરખામણીમાં ૮૩૨ એમસીએમ ઓછું હતું. ડેમમાં પાણીના સ્તર અંગે સિંચાઈ વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે રાજયના ૨૦૩ ડેમોમાં પાણી ગત વર્ષની સરખામણીમાં ૯.૫૭ ટકા ઓછું છે. આ ડેમોમાં પાણી માત્ર ૫,૦૩૦.૩૦ એમસીએમ છે. જે તેની ક્ષમતા કરતાં ત્રીજા ભાગનું છે.

જયારે ૨૦૧૮ની સરખામણીમાં આ પાણી ૧૪૭૧ એમસીએમ ઓછું છે. ડેમોમાંથી રોજનું સરેરાશ ૩૩.૭૮ પાણી વપરાય છે આ વપરાશમાં ઉનાળામાં વધારો થશે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની સ્થિતિ ગંભીર છે કારણ કે આ વિસ્તારોમાં આવેલા ડેમો માત્ર ૧૮ ટકા ભરેલા છે. મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમો આવેલા છે જેની કુલ ક્ષમતા ૨,૩૪૭ એમસીએમ છે જેની સામે તેમાં માત્ર ૫૬.૩૯ ટકા પાણી છે. જયારે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમો ૮,૬૨૪.૭૮ એમસીએમ ક્ષમતાની સામે માત્ર ૩૨.૯૪ ટકા ભરેલા છે.

આજથી રાજપીપળા નગરપાલિકાના ૧૪૦ જેવા સફાઈ કામદારો અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા



રાજપીપળા નગર પાલિકા સહીત સમગ્ર ગુજરાતના વાલ્મિકી સફાઈ કામદારો આજથી અચોક્કસ મુદતની હડતાલ

રાજપીપળા

૫ માર્ચથી રાજપીપળા નગરપાલિકા સહીત સમગ્ર ગુજરાતમાં વાલ્મિકી સફાઈ કામદારો એ હડતાલનું રણસીંગુ ફૂંકી સરકાર સામે પોતાની પડતર માંગણીઓ મૂકી ચૂંટણી પેહલા બાંયો ચઢાવી છે ત્યારે વર્ષો થી માંગણીઓ ટલ્લે ચઢાવતી સરકાર હવે શું કરે છે એ જોવું રહ્યું .

વાલ્મિકી સમાજ રાજપીપળાના પ્રમુખ ડૉ.કમલ ચૌહાણ કે જે સમાજના આગેવાન પણ હોય સમાજના દરેક પ્રશ્નોને હલ કરવા હંમેશા સક્રિય રહ્યા છે તેમની સાથે વાલ્મિકી સમાજના કાર્યકારી પ્રમુખ રોહિતભાઈ સોલંકીની આગેવાની હેઠળ રાજપીપળા નગર પાલિકાના ૧૪૦ જેવા સફાઈ કામદારો ૫ માર્ચ થી અચોક્કસ મુદતની હડતાલ પર જતા આજે પેહલા દિવસેજ રાજપીપળા શહેરમાં ગંદીકી જોવા મળી હતી

સફાઈ કામદારોની હડતાલમાં અમે મશીનનો ઉપયોગ કરીશું : અમિત પંડ્યા

રાજપીપળા નગર પાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યાએ જણાવ્યું કે આજથી સફાઈ કામદારો હડતાલ પર જતા અમે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે શહેરમાં ગંદકી કે રોગચાળો ન વકરે એ માટે મશીનોનો ઉપયોગ કરી સફાઈ કરાવીશું.

વાલ્મિકી સમાજે અગાઉ આપેલા આવેદનમાં જણાવ્યું હતું કે વાલ્મિકી સમાજ ગુજરાતમાં સ્વચ્છતા રાખે છે અને નિષ્ઠા પૂર્વક સેવા કરે છે તેમ છતા સફાઈ કામદારોને પોતાના હક મળતા નથી તેમજ આ હક બાબતે અગાઉ પણ અલગ અલગ સંગઠનો ઘ્વારા આવેદનપત્ર આપવા છતાં આજદિન સુધી તેમની માંગ પર સરકારે કોઈ ઘ્યાન આપ્યું નથી જેથી ના છુટકે ગુજરાતના તમામ સફાઈ કામદારો તા.૫ માર્ચથી સફાઈ કામ બંધ કરી હડતાળ ઉપર ઉતરવાના છીએ. જેના ભાગરૂપે ૫ માર્ચથી રાજપીપળા નગરપાલિકાના ૨૫ કાયમી , ૮૩ રોજમદાર અને ૩૩ સખી મંડળના મળી કુલ ૧૪૦ જેવા સફાઈ કામદારોએ નગરપાલિકા કચેરી બહાર એક મંડપમાં બેસી પોતાની માંગણીઓ બાબતે સુત્રોચાર કરી અચોક્કસ મુદતની હડતાલની શરૂઆત કરી છે.

સુરતમાં કાયદો અને વ્યવસ્થા કથળી, ધોળે દિવસે વેપારીની ગોળી મારી હત્યા



સુરતમાં કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે, દિન દહાડે ફાયરિંગ અને છુરાબાજી સામાન્ય થતુંજાય છે, જ્યાંઆજે નવસારી બજાર ખાતે આવેલી પોલીસ ચોકીથી માત્ર ૫૦૦ મીટરની દુર પર સોના-ચાંદીની દુકાનમાં વેપારી પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વેપારીને ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

આ ઘટનામાં સીસીટીવી ફુટેજ પણ ચેક કરવામાં આવી રહી છે જેમાથી એક ફુટેજમાં બે વ્યક્તિ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની તપાસ હાલ પોલીસ કરી રહી છે, સંગ્રામપુરા વિસ્તારમાં આવેલી એક વ્યાજની દુકાન ચલાવતા ઈસમ પર ધોળે દિવસે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું છે.

મૂળ ઉત્તર ગુજરાતના પાલનપુરના રહેવાસી મહેન્દ્ર શાહ ,પત્ની અને એક દીકરા સાથે સુરતમાં રહેતા હતા. નવસારી બજાર પોલીસ ચોકીની સામે મહેન્દ્રભાઈ સોના-ચાંદીની છેલ્લા ૨૫ વર્ષથી દુકાન ચલાવતા હતા અને સોના-ચાંદીના દાગીના સામે વ્યાજે રૂપિયા પણ આપતા હતા. આજે મહેન્દ્રભાઈ દુકાનમાં બેઠા હતા. દરમિયાન બે ઈસમો બાઈક પર આવ્યા હતા. અને દુકાનમાં ઘૂસી ગયા હતા અને ત્યારબાદ મહેન્દ્રભાઈ પર ફાયરિંગ કર્યું હતું. જેમાં મહેન્દ્ર ભાઈનું મોત નિપજ્યું હતું. પરિવારને સમગ્ર ઘટનાની જાણ થતાં દુકાન પર દોડી આવ્યા હતા અને પરિવારનું દુઃખ જોતા લોકોની આંખમાં પણ અંશુ આવી ગયા હતા, હાલ તો આરોપીઓને પકડવા માટે પોલીસે સીસીટીવીની મદદ મેળવી અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે.

ફાયરિંગની ઘટનાની જાણ થતા ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને એક ગોળી પણ કબજે કરી હતી અને એફએસએલ અને ડોગ સ્કવોડની મદદથી આરોપીઓને ઝડપી પાડવાની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. સુરત કાઈમ બ્રાન્ચ, પીસીબી, ર્જીપ્તની અલગ અલગ ટીમો કામે લાગી છે. જોકે આ ઘટનામાં દુકાનમાં રહેલા દાગીના કે રૂપિયાની લૂંટ કરવામાં ન આવતા હત્યા પાછળ નુંકારણ હાલ અંકબંધ છે.

કાપોદ્રામાં રત્નકલાકારના મોબાઈલ ફોનની ચીલઝડપ

સુરત

કાપોદ્રા સોમનાથ સોસાયટી પાસેથી થતા એક રત્નકલાકારના હાથમાંથી રૂા. ૮ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી મોટર સાઈકલ પર આવેલા બે ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહેશભાઈ દેવસીભાઈ સેલડીયા કે જેઓ કાપોદ્રા સહયોગ સોસાયટી પાસે રહે છે. તેઓ ગત તા. ૨જી માર્ચના રોજ કાપોદ્રા સોમનાથ સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે મવોટર સાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના હાથમાંથી રૂા. ૮ હજારની કિંમતનો મોબાઈલ ફોનની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. કાપોદ્રા પોલીસ મથકમાં રત્નકલાકારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાસ કાર્યકર નિખિલ સવાણી કોર્ટમાં હાજર

સુરત

યોગીચોક ખાતે એસટી નિગમની બસ સળગાવી નાખવાના એક કિસ્સામાં જામીન મુકત થયા બાદ જામીનની શરતો મુજબનો પેપર્સ રજૂ કરવા પાસના કાર્યકર નિખીલ સવાણી કોર્ટ સમક્ષ હાજર થયો હતો. જોકે, બપોર પછી દસ્તાવેજો તથા પેપર્સ રજૂ કરશે. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી બે-અઢી વર્ષ પહેલાં વરાછા-કાપોદ્રા યોગીચોક ખાતે એસટી નિગમની બસ સળગાવી નાખવાના એક કિસ્સામાં રૂા. ૧૧.૫૧૦ લાખનું નુકસાન કરવામાં આવ્યું હતું. સરથાણા પોલીસે પાસના કાર્યકર્તાઓની સામે રાયોટિંગ તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શરૂઆતમાં સરથાણા પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. ત્યારે અઢી વર્ષ બાદ નિખિલ સવાણીની પોલીસ દ્વારા ધરપકડ કવરામાં આવી હતી. લાજપોર જેલમાં મોકલી અપાયા બાદ તેના એડવોકેટ વાળા દ્વારા જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. કેટલીક શરતોને આધિન તેના જામીન મુકત કરવામાં આવ્યા હતા. ગુજરાત બહાર જવું, પાકુ સરનામું બદલતા પહેલાં કોર્ટની મંજૂરી લેવી. હાલનું સરનામું પણ રજૂ કરવું. જે મુજબ નિખિલ સવાણી પુરતા ડોક્યુમેન્ટસ સાથે કોર્ટમાં હાજર રહી બપોર પછી ડોક્યુમેન્ટસ રજૂ કરશે.

ટ્રેનના ડબ્બા પર ચડી સેલ્ફી લેવા જતાં બે કિશોરને કરંટ લાગ્યો

સુરત

લિંબાયત વિસ્તારમાં મન્સૂરી હોલ નજીક ટ્રેનના ડબ્બા પર ચઢી સેલ્ફી લેવા જતા બે કિશોર હાયટેન્શન લાઈનના વીજ કરંટથી દાઝી ગયા હતા. ઘટનાની જાણ બાદ લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં. ૧૦૮ની મદદથી બન્ને બાળકોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.મહત્વપૂર્ણ છે કે, આ વિદ્યાર્થી ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં અને થોડા દિવસો બાદ તેમની પરીક્ષા છે.

૧૦૮ના કર્મચારીએ જણાવ્યું હતું કે, હાઈટેન્શન લાઈનના વિજ કરંટથી દાઝી ગયેલા બે પૈકી એક સમીર અબ્દુલ સલામ મન્સૂરી (ઉ.વ. ૧૫) અને નઈમ શેખ રફીક (ઉ.વ.૧૫) રહે, મીઠી ખાડી લાલ બિલ્ડીંગ ખાતે રહેતા હોવાનું બહાર આવ્યું હતું. આજે સવારે લીંબાયત મન્સૂરી હોલ નજીક રેલવે ટ્રેક પર માલગાડી ઉપર ચડીને સેલ્ફી લેવા જતા વીજ કરંટ લાગ્યો હતો. સમીરને કરંટ લાગતા જોઈ બચવવા ગયેલા નઈમને પણ કરંટ લાગ્યો હતો. હાલ બન્ને કિશોરો સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મોહમ્મદ અબ્દુલ સલામ મન્સૂરી (સામીના પિતા) એ જણાવ્યું હતું કે, સામી ધોરણ ૧૦ નો વિદ્યાર્થી છે. ૭ તારીખથી તેની પરીક્ષા શરૂ થઈ રહી છે. પરિવારમાં સામીને બે નાના ભાઈ છે. તેઓ ઓટો રીક્ષા ચાલવી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યાં છે. જયારે નઈમ રફીક શેખ ને બે ભાઈ અને બે બહેન છે. પરિવારમાં તે સૌથી નાનો છે. આજે ૧૦-૧૨ જેટલા મિત્રો સાથે રેલવે યાર્ડમાં ક્રિકેટ રમવા ગયા હતા. ત્યારબાદ સામી ટ્રેનના ડબ્બા પર ચઢીને સેલ્ફી કે ટિકટોક વીડિયો બનાવવા જતા હાય ટેન્શન લાઈનના સંપર્કમાં આવી ગયો હતો. છોડાવવા જતા નઈમ પણ દાઝી ગયો હતો. હાલ સામીની તબીયત નાજુક હોવાનું તબીબો કહી રહ્યા છે.

રૂા. ૨.૩૦ લાખના ધિરાણ માટે ગીરવે મૂકેલી મિલકત વેચી મારી

સુરત

લીંબાયતમાં મકાન ઉપર રૂા. ૨.૩૦ લાખ ઉછીના મેળવ્યા બાદ મકાન બારોબાર વેચી દઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરનાર મહિલા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

લીંબાયત પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ લીંબાયત મીઠીખાડીમાં રહેતા સોહરાબ આલમ મહેબુબ આલમ અન્સારી પાસે આરોપી ફરીદાએ યુનુસ શેખે આવીને જણાવ્યું હતું કે, અમારે દેવું વધી ગયું છે. રૂપિયાની જરૂર છે. જેથી ફુલવાડી ખાતે આવેલ ઘર નં. ૩૬૮ વાળી મિલકત ઉપર રૂા. ૨.૩૦ લાખ ઉછીના લીધા હતા. ત્યારબકાદ આરોપીએ આ મિલકત બારોબાર વેચી દઈ ફરિયાદીને રૂપિયા પણ પરત આપ્યા નહીં અને ભાડું પણ ચૂકવ્યું નહોતુ. લીંબાયત પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી એ.હે.કો. રવિન્દ્ર થરદે તપાસ હાથ ધરી છે.

ફોટોગ્રાફી કોમ્પિટીશન એન્ટ્રી મુદ્દતમાં વધારો

નેશનલ ફોટોગ્રાફી કોમ્પટીશન-૨૦૧૯' અંતર્ગત ઐતિહાસિક કિલ્લા પર આધારિત ફોટોગ્રાફી કોમ્પીટીશન અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૦૫ માર્ચ, ૨૦૧૯ હતી જેને લંબાવી હવે આ કોમ્પીટીશન અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે કિલ્લા ખાતે for @suratmunicipal. org પર સંપર્ક કરી શકાશે તેમ સુરત મહાનગરપાલિકાના પીઆરઓ વિભાગની યાદીમાં જણાવાયું છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

ખટોદરામાં ગોડાઉનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝબ્બે

ગોડાઉન ભાડે રાખી દારૂનો વેપલો શરૂ કરી દેવાયો

સુરત

ખટોદરા સોમાકાનજીની વાડી પાસે આવેલ એક મારવાડીના કારખાના ગ્રાઉન્ડ ફલોર પર વગર પાસ પરમીટની કુલ્લે ૩૧૮ નંગ બોટલો કિંમત રૂા. ૧.૫૨ લાખની મતાની કબજે કરી પોલીસે એક આરોપીને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સૈયદપુરા વાવ શેરી અસારવાળા હોસ્પિટલ પાસે છૂટક દારૂનો વેપલો કરે છે. તેમનું એક કારખાનું ખાતુ સોમા કાનજીની વાડીમાં આવેલું છે. ગત તા. ૩જી માર્ચના રોજ આ મારવાડીના ખાતામાં ખટોદરા પોલીસે દરોડા પાડી વગર પાસ પરમીટની ૩૧૮ નંગ વિદેશી દારૂની બોટલો કિંમત રૂા. ૧.૫૨ લાખની મતાની કબજે કરી

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847